વર્ષ 01, અંક 23

01-15 જૂન, 2021

# ન્યૂ ઈન્ડિયા સમાચાર

નિઃશુલ્ક



## જીવન રક્ષણ માટે જરૂરી પર્યાવરણ સંરક્ષણ

કોવિડ મહામારીએ આપણને શીખવ્યું કે કોઇ પણ પ્રકારની આપત્તિ હોય, પ્રકૃતિ જ આપણું રક્ષણ કરશે. પ્રકૃતિ આપણને ઘણું બધું આપે છે, તેથી આપણે પણ તેને આપતા શીખવું જોઇએ

# રક્તદાન

**વિશ્વ રક્તદાન દિવસ** 14 જૂન



14 જૂને નોબેલ પુરસ્કાર વિજેતા કાર્લ લેન્સ્ટીનરનો જન્મ થયો હતો. આ એ વૈજ્ઞાનિક છે જેમણે A,B અને O બ્લડ ગ્રુપ સિસ્ટમ શોધી હતી. તેમના જન્મદિવસને રક્તદાન દિવસ તરીકે મનાવવામાં આવે છે.

મુખ્ય બ્લડગ્રુપ શોધાયા તે પહેલાં ગ્રુપની જાણકારી વગર જ બ્લડ ટ્રાન્સફ્યુઝન કરવામાં આવતું હતું. આ શોધ માટે તેમને 1930માં નોબેલ પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યો હતો.

ભારતને દર વર્ષે **4** કરોડથી વધુ યુનિટ લોહીની જરૂર પડે છે.

રક્તદાનને મહાદાન કહેવામાં આવે છે કારણ કે તેનું કૃત્રિમ ઉત્પાદન થઈ શકતું નથી તેથી તેનો કોઈ વિકલ્પ નથી

વિવિધ મેડિકલ હેતુ માટે લોહીમાંથી લાલ રક્ત કોષો, પ્લેટલેટ્સ, પ્લાઝ્મા અને ક્રાયોપ્રિસિપિટેટને અલગ કરવામાં આવે છે

એક યુનિટ લોહી ત્રણ લોકોનું જીવન બચાવી શકે છે. ભારતમાં પુરુષ ત્રણ મહિનામાં અને મહિલા ચાર મહિનામાં એક વાર રક્તદાન કરી શકે છે

પુખ્ત શરીરમાં લગભગ પાંચ લીટર લોહી હોય છે. રક્તદાનના એક સેશનમાં શરીરમાંથી 450 મિલિલીટર લોહી કાઢવામાં આવે છે. શરીર 24થી 48 કલાકમાં આટલું લોહી ફરીથી બનાવી લે છે.

## આવો જીવન બચાવો

**હૃદયની તંદુરસ્તી સુધરે છે**

**વજન ઘટાડવામાં, કેલરી બાળવામાં ઉપયોગી**

**લિવરની તંદુરસ્તી સુધરે છે**

**કેન્સરની સંભાવના ઘટે છે**



વિશ્વ રક્તદાન દિવસ નિમિત્તે હું દરેક રક્તદાતાને અભિનંદન આપું છું. રક્તદાન એ સમાજ પ્રત્યેકની મોટી સેવા છે. આજે આપણે રક્તદાનના મહત્વ અંગે જાગૃતિ ફેલાવવા આપણી પ્રતિબધ્ધતાનો પુનરોચ્ચાર કરીએ છીએ. આપણા યુવા મિત્રોએ આ દિશામાં મહત્વની ભૂમિકા ભજવવી જોઈએ.

- નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

# ન્યૂ ઈન્ડિયા સમાચાર

વર્ષ 01, અંક 23

01-15 જૂન, 2021



**સંપાદક**
જયદીપ ભટનાગર,
મુખ્ય મહાનિદેશક,
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો,
નવી દિલ્હી

**પરામર્શ સંપાદક**
વિનોદ કુમાર
સંતોષ કુમાર

**ડિઝાઈનર**
રવિન્દ્ર કુમાર શર્મા

**પ્રકાશક અને મુદ્રક**
સત્યેન્દ્ર પ્રકાશ,
મુખ્ય મહાનિદેશક, બીઓસી
(બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ
કમ્યુનિકેશન વતી)



**મુદ્રણ:**
વિબા પ્રેસ (પ્રા.) લિમિટેડ
સી-66/3, ઓખલા ઈન્ડસ્ટ્રિયલ
એરિયા,
ફેઝ-2, નવી દિલ્હી-110020

**પ્રકાશન સ્થળ:**
બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ
કમ્યુનિકેશન, બીજો માળ,
સૂચના ભવન,
નવી દિલ્હી-110003

ન્યૂ ઈન્ડિયા સમાચાર

RNI No. : DELGUJ/2020/78810



response-nis@pib.gov.in


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 1 | સંપાદકની કલમે | પેજ 02 |
| 2 | પ્રતિભાવ | પેજ 03 |
| 3 | સમાચાર સાર | પેજ 04-05 |
| 4 | વ્યક્તિત્વ: ગોપીનાથ બારદોલોઈ | પેજ 06 |
| 5 | પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધી | પેજ 07 |
| 6 | કોવિડ-19 સામેની લડાઈ | પેજ 08-13 |
| 7 | કવર સ્ટોરી | પેજ 14-23 |
| 8 | પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન | પેજ 24-25 |
| 9 | અર્થતંત્ર: MSMEને મોટી મદદ | પેજ 26-29 |
| 10 | સલામત બાળપણ : 'ઓપરેશન મુસ્કાન' | પેજ 30-31 |
| 11 | આઝાદી કા અમૃત મહોત્સવ | પેજ 32-33 |
| 12 | કેબિનેટના નિર્ણયો | પેજ 34 |
| 13 | સકારાત્મક અભિગમ | પેજ 35 |
| 14 | વ્યક્તિત્વ: જ્યોર્જ ફર્નાન્ડીઝ | પેજ 36 |

# સંપાદકની કલમે

સાદર નમસ્કાર!

કોવિડ મહામારી સામેની બીજી લડાઈમાં સરકારની યુધ્ધ સ્તરની તૈયારી અને દેશવાસીઓની એકતા પ્રશંસનીય છે. પણ આપણે હજુ ખૂબ સતર્કતા સાથે કોવિડ પ્રોટોકોલનું પાલન કરવાનું છે. આ વૈશ્વિક આપત્તિ સામેની લડાઈમાં પ્રકૃતિ આપણને શીખ પણ આપી રહી છે. પ્રકૃતિ અને પર્યાવરણ ભારતની જીવનશૈલીનો મુખ્ય હિસ્સો છે. છોડ-વૃક્ષોની પુજા કરવી, ઋતુઓને વ્રત અને તહેવારના રૂપમાં મનાવવાં, હાલરડાં, લોકકથાઓમાં પ્રકૃતિનો ઉલ્લેખ હોવો એ તમામ બાબતો આપણાં પ્રકૃતિ પ્રેમની સૂચક છે. ભારતીય સંસ્કૃતિએ પ્રકૃતિને સજીવ અને સહજીવ માની છે. આપણને પ્રકૃતિનાં ખોળામાં જવું ગમે છે અને તેની પુજા કરીએ છીએ.

વીતેલા એક વર્ષમાં કોવિડ મહામારીને પગલે લોકોને મુશ્કેલ સમયનો સામનો કરવો પડ્યો, પણ ગયા વર્ષે આ મહામારીના પ્રારંભમાં પ્રકૃતિની નવી તસવીર જોવા મળી. આપણે પ્રકૃતિની સમૃધ્ધ વિવિધતાને નજીકથી જોઈ. પ્રદૂષણ ઓછું થવું મુશ્કેલ છે એવું મનાતું હતું, ત્યાં પણ સુંદર તસવીર જોવા મળી. નદી-નાળાં સ્વચ્છ જોવા મળ્યાં, પહાડો સ્પષ્ટ દેખાવ લાગ્યાં અને આકાશ સ્વચ્છ થઈ ગયું. મહામારીએ આપણને પ્રકૃતિનું જતન કરવાની શીખ આપી.

પ્રકૃતિ અને પર્યાવરણની આવી તસવીર મનમાં એક ઉત્સાહ જગાવે છે અને એક વિચાર સ્ફુરે છે કે આપત્તિનાં સમયમાં પણ જીવનદાયિની પ્રકૃતિ આપણને કેટલું બધું આપે છે? આપણે એવો સંકલ્પ લેવો જોઇએ કે પ્રકૃતિ સાથેનો આપણો સંબંધ કાયમ જળવાઈ રહે અને આપણે તેને તેનાં મૂળ રૂપમાં માણી શકીએ. દર વર્ષે પાંચ જૂનને વિશ્વ પર્યાવરણ દિવસ તરીકે મનાવવામાં આવે છે અને આ વર્ષની થીમ છે- 'ઇકોસિસ્ટમ રિસ્ટોરેશન'. એટલે કે વનસ્પતિ, પશુ-પક્ષીનું તેમનાં નજીકના વાતાવરણમાં અસ્તિત્વ  જાળવવું. ટૂંકમાં, પર્યાપરણને તેનાં મૂળ સ્વરૂપમાં રાખવાની જવાબદારી આપણાં બધાંની છે.

ભારત સરકારે વીતેલાં કેટલાંક વર્ષોમાં પર્યાવરણ સંરક્ષણ અને વિકાસ વચ્ચે સંતુલન બેસાડ્યું છે. ઊર્જાના વૈકલ્પિક સ્રોતોની સાથે સાથે વન, જીવ-જંતુઓના સંરક્ષણને પોતાની નીતિઓમાં સામેલ કર્યાં છે. કાર્બન ઉત્સર્જન ઘટાડવા માટે ભારતના પ્રયાસોની વિશ્વએ પણ પ્રશંસા કરી છે, એટલું જ નહીં, ભારત તેનું નેતૃત્વ પણ કરી રહ્યું છે. આપત્તિના આ સમયમાં પ્રકૃતિ અને પર્યાવરણનું મહત્વ અને તેને જાળવવા દેશના પ્રયાસો પર આ અંકની કવર સ્ટોરી બનાવવામાં આવી છે.

આ ઉપરાંત, કોવિડ-19 સામે લડવાની તૈયારીઓ, એમએસએમઇને 'ચેમ્પિયન' બનાવવાની પહેલ, બાળમજૂરીને રોકવા માટે કરવામાં આવેલી પહેલની સાથે સાથે આધુનિક આસામનો પાયો નાખનારા ગોપીનાથ બારદોલોઇ પર અહેવાલો રજૂ કરવામાં આવ્યા છે.

સ્વસ્થ રહો, સુરક્ષિત રહો અને તમારા સૂચનો અમને મોકલતા રહો.


સરનામુ : બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન,
બીજો માળ, સૂચના ભવન, નવી દિલ્હી- 110003

ઈમેલ : response-nis@pib.gov.in

(જયદીપ ભટનાગર)




# પ્રતિભાવ

મને ન્યૂ ઇન્ડિયા સમાચારનો લેટેસ્ટ અંક મળ્યો. અંગ્રેજી સહિતની વિવિધ પ્રાદેશિક ભાષાઓમાં એનઆઇએસ પુરું પાડવા બદલ આપનો આભાર. હું આ તમામ ભાષાઓમાં મેગેઝીન વાંચવામાં રસ ધરાવતો હોવાથી મેં ટાઇમ ટેબલ બનાવ્યું છે, જેમાં દિવસમાં એક ભાષાનું એનઆઇએસ વાંચું છું. હું આ તમામ ભાષાઓ વાંચવા સક્ષમ છું અને મેગેઝિનથી સંતુષ્ટ છું. મને અન્ય ભાષાઓના શબ્દભંડોળનું જ્ઞાન મળે છે, એટલું જ નહીં આ ભાષાઓ હાલમાં કઈ રીતે લખાય છે તે પણ જાણવા મળે છે.

ભૂતકાળમાં મને એક બે અંક નહોતા મળ્યા. એનઆઇએસમાં જે પણ માહિતી પ્રકાશિત કરવામાં આવે છે તેનાથી હું સંતુષ્ટ છું. મને આશા છે કે ભવિષ્યમાં પણ મને આ મેગેઝીન મળતું રહેશે અને લેટેસ્ટ જાણકારી મળતી રહેશે.

**કિશોર કે શેવડે**

kishor.shevde@gmail.com

## ડિજિટલ કેલેન્ડર

**ભારત સરકારનાં ડિજિટલ કેલેન્ડર અને ડાયરીમાં સરકારની વિવિધ યોજનાઓ, કાર્યક્રમો અને પ્રકાશનોની લેટેસ્ટ માહિતીની સાથે સાથે સત્તાવાર રજાઓની યાદી અને મહત્વની તારીખો આપવામાં આવી છે.**

ગુગલ પ્લે સ્ટોર અને આઇઓએસ પરથી ડાઉનલોડ કરી શકાશે

ગુગલ પ્લે સ્ટોર લિંક
https://play.google.com/store/apps/details?id=in.gov.calendar

આઇઓએસ લિંક
https://apps.apple.com/in/app/goi-calendar/id1546365594

**https://goicalendar.gov.in/**

હું વિદ્યાર્થી છું અને છેલ્લાં ત્રણ અંકથી અંગ્રેજી આવૃતિ વાંચતો આવું છું. મને ડિજિટલ મેગેઝીન ખૂબ ઉપયોગી લાગે છે. અસરકારક ભાષા, મર્યાદિત શબ્દોમાં વાસ્તવિક સમાચારો આપવામાં આવે છે અને ઊર્જા, દૂરસંદેશાવ્યવહાર, ઇતિહાસ અને સંસ્કૃતિ જેવા વિભાગો ઉપરાંત સરકારની નવી પહેલ, સમાજ અને વ્યક્તિત્વ પરના અહેવાલ વાંચવાલાયક હોય છે.

હું 1મેથી આ અંકની રાહ જોતો હતો. આ સરસ મેગેઝીન તૈયાર કરનાર દરેકને મારી શુભકામનાઓ.

**દીપક કુમાર**

dmaurya.dk@gmail.com

જ્યારે પણ મને મારા ઇમેલમાં ન્યૂ ઇન્ડિયા સમાચાર મળે છે ત્યારે હું આખો અંક વાંચી જાઉં છું. આટલી બધી નકારાત્મકતા અને બદનક્ષીના આ દિવસોમાં આપનું મેગેઝીન દેશનાં વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સ પર ફોકસ કરે છે, જે પ્રશંસાપાત્ર છે. આ મેગેઝીન વાંચવું મને ખૂબ ગમે છે. હું દેશના દરેક નાગરિકને આ મેગેઝીન સબસ્ક્રાઇબ કરવા અને વાંચવા ભલામણ કરું છું.

**રમાકાંત તિવારી**

tattvavit.trigunateet@gmail.com

માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા પ્રકાશિત 'ન્યૂ ઇન્ડિયા સમાચાર'નો લેટેસ્ટ અંક મળ્યો, જેમાં ભારત સરકારની સિધ્ધિઓનું વર્ણન કરવામાં આવ્યું છે. અંકમાં અત્યંત આકર્ષક અને અસરકારક અહેવાલો આપવામાં આવ્યા છે. અંક વાંચીને મને લાગ્યું કે સરકાર દ્વારા સંખ્યાબંધ કલ્યાણ યોજનાઓ ચલાવવામાં આવે છે, જેનાથી લોકો માહિતગાર નથી. આપણે ગ્રામીણ લોકોને આ સ્કીમના લાભ લેવા માટે જાગૃત કરવા જોઇએ.

હું આપને મેગેઝીનની હાર્ડ કોપી પણ મોકલવા વિનંતી કરું છું, જેથી મારા વિસ્તારમાં આ યોજનાઓ અંગે જાગૃતિ ફેલાવીને અને પ્રોત્સાહક સમાચારો ફેલાવીને એક સમર્પિત ભારતીય તરીકે સારું કામ કરી શકું. આશા છે શક્ય એટલી વહેલી તકે કોપી મોકલાવશો.

**રેણુકા જગદીપ સિંઘ**

singh.renukajs@gmail.com

# 2020-21માં કઠોળનાં ઉત્પાદનમાં 65 ટકાનો વધારો

સરકારે કૃષિ અને ખેડૂતોને ટોચની પ્રાથમિકતા આપી તેનાં પરિણામે વર્ષ 2020-21માં દેશમાં કઠોળનું ઉત્પાદન 65 ટકા વધીને 24.42 મેટ્રિક ટન થયું હતું. ઉત્પાદન અને ઉત્પાદકતા વધવા પાછળનું મુખ્ય કારણ એ છે કે ખેડૂતોને ગુણવત્તાયુક્ત બિયારણ પૂરાં પાડવામાં આવ્યાં હતાં. 2016-17માં સરકારે એક મહત્વનું પગલું ભરીને 24 રાજ્યોમાં 150 પલ્સ સીડ્સ હબ્સ (કઠોળ બિયારણ કેન્દ્રો) રચ્યાં હતાં અને તેમને કૃષિ વિજ્ઞાન કેન્દ્રો, રાજ્ય કૃષિ યુનિવર્સિટી અને ICAR (ઇન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચરલ રિસર્ચ) સાથે જોડ્યા હતા. આ ઉપરાંત, 11 રાજ્યોમાં કઠોળની FPOs (ફાર્મ પ્રોડ્યુસ ઓર્ગેનાઇઝેશન) રચવામાં આવી હતી. નેશનલ ફુડ સિક્યોરિટી મિશન હેઠળ દેશના 644 જિલ્લાઓને પલ્સ પ્રોગ્રામ્સ હેઠળ આવરી લેવામાં આવ્યા હતા. કઠોળ ઉત્પાદનમાં આત્મનિર્ભરતા હાંસલ કરવા માટે કેન્દ્ર સરકારે ખરીફ 2021 માટે વ્યૂહ ઘડ્યો છે. આ અંતર્ગત, દેશભરમાં 4.05 લાખ હેક્ટરને આવરી લેતા વિસ્તારમાં રૂ. 82.01 કરોડનાં મૂલ્યનાં બિયારણની 20 લાખ મિનિ-કીટનું વિતરણ કરવામાં આવશે. આ વિશેષ આયોજનને કારણે ત્રણ મુખ્ય કઠોળ- તુવેર, મગ અને અડદનું ઉત્પાદન અને ઉત્પાદકતા વધારીને ભારતને કઠોળની આયાત પરનું અવલંબન ઘટાડવામાં, તેનાં ઉત્પાદનમાં આત્મનિર્ભર બનવામાં મદદ મળશે.

## કોવિડ-19 મહામારીને જોતાં સરકારે પંચાયતો માટે રૂ. 8924 કરોડ છૂટા કર્યા



નાણાં મંત્રાલયે સ્થાનિક ગ્રામીણ સંસ્થાઓ (RLBs) માટે ગ્રાન્ટ પૂરી પાડવા 25 રાજ્યોને રૂ. 8,923.8 કરોડ છૂટા કર્યા છે. આ ગ્રાન્ટનો ઉપયોગ RLBs દ્વારા નિયમિત કામો ઉપરાંત કોવિડ-19 મહામારી સામે પણ કરી શકાશે. આ ગ્રાન્ટ પંચાયતી રાજ સંસ્થાની ત્રણેય પાંખ-ગામ, બ્લોક અને જિલ્લા લેવલે આપવામાં આવે છે. 15મા નાણાં પંચની ભલામણો પ્રમાણે રાજ્યોને ગ્રાન્ટનો પ્રથમ હપ્તો જૂન, 2021માં આપવાનો હતો. જો કે, કોવિડ-19ની સ્થિતિ અને પંચાયતી રાજ મંત્રાલયની ભલામણને પગલે નાણાં મંત્રાલયે એડવાન્સમાં ગ્રાન્ટ આપવાનો નિર્ણય લીધો છે. આ ઉપરાંત, કેન્દ્ર સરકારે અન્ય નિયમોમાં પણ રાહત આપી છે. ઉત્તરપ્રદેશને સૌથી વધુ રૂ. 1441.6 કરોડ, મહારાષ્ટ્રને રૂ. 861.4 કરોડ, બિહારને રૂ. 741.8 કરોડ, પશ્ચિમ બંગાળને રૂ. 652.2 કરોડ, ગુજરાતને રૂ. 472.4 કરોડ ફાળવવામાં આવ્યા છે.

## જૂન મહિનાથી દિવ્યાંગતાનું ઓનલાઇન પ્રમાણપત્ર ફરજિયાત કરાયું



2.5 કરોડ દિવ્યાંગજનોનું જીવન સરળ બનાવવા સરકારે 1 જૂનથી UDID પોર્ટલ દ્વારા વિકલાંગતા પ્રમાણપત્ર ઓનલાઇન સ્વરૂપમાં જારી કરવાનું ફરજિયાત કર્યું છે. કેન્દ્ર સરકાર દિવ્યાંગો માટે 'સુગમ્ય ભારત અભિયાન' પણ ચલાવે છે, જે તેમની શારીરિક હલનચલન, વાહનવ્યવહાર, માહિતી અને સંદેશાવ્યવહાર માટે સરળ પધ્ધતિ વિકસાવવા પર ફોકસ કરે છે. દિવ્યાંગો માટે નોકરી અને ઉચ્ચ શિક્ષણમાં અનામત ક્વોટા પણ વધારવામાં આવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિકલાંગો પ્રત્યે સમાજના માનસિક અભિગમને બદલવા માટે 'દિવ્યાંગ' શબ્દ આપીને પહેલ કરી હતી. તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના સંબંધિત અધિકારીઓને UDID પોર્ટલ (www.swavlambancard.gov.in) પર કામ કરવા માટે તાલીમ આપવામાં આવી છે.



## ભારતીય લશ્કરમાં મહિલા મિલિટ્રી પોલિસની પ્રથમ બેચ સામેલ

ભારતીય લશ્કરે બેંગલુરુમાં કોર્પ્સ ઓફ મિલિટ્રી પોલિસ સેન્ટર એન્ડ સ્કુલ ખાતે 83 મહિલા સૈનિકોની પ્રથમ બેચને મિલિટ્રી પોલિસમાં સામેલ કરી હતી. 61 સપ્તાહની સઘન તાલીમ સફળ રીતે પૂરી કર્યા બાદ તેમને સામેલ કરવામાં આવ્યા હતા. મિલિટ્રી પોલિસ સૈનિકો દ્વારા કોઈ પણ પ્રકારના ભંગને અટકાવવા પણ કામ કરે છે. યુધ્ધના સમયમાં સિસ્ટમ સંબંધિત તમામ વ્યવસ્થાઓ મિલિટ્રી પોલિસ કરે છે. મહિલાઓને સૈનિકો અને કોન્સ્ટેબલ તરીકે પોસ્ટિંગ આપવાનો નિર્ણય 2017માં લેવામાં આવ્યો હતો. 2030 સુધીમાં આશરે 1,700 મહિલાઓને કોર્પ્સ ઓફ મિલિટ્રી પોલિસમાં સામેલ કરવાની અને સમય જતાં ભારતીય લશ્કરમાં તેમને મહત્વનો હિસ્સો બનાવવાની લશ્કરની યોજના છે.

## 5G ટ્રાયલમાં ગ્રામીણ, અર્ધ-શહેરી અને શહેરી વિસ્તારો આવરી લેવાશે

ટેલિકોમ વિભાગે ટેલિકોમ સર્વિસ પ્રોવાઇડર્સને 5G ટેકનોલોજીના ઉપયોગ માટે ટ્રાયલ્સ હાથ ધરવાની મંજૂરી આપી છે. સર્વિસ પ્રોવાઇડર્સને શહેરી વિસ્તારો ઉપરાંત ગ્રામીણ અને અર્ધ-શહેરી વિસ્તારોમાં પણ ટ્રાયલ્સ હાથ ધરવા જણાવ્યું છે, જેથી 5G ટેકનોલોજીનો લાભ શહેરી વિસ્તારો પૂરતો મર્યાદિત ન રહે અને દેશભરમાં તેનો લાભ આપી શકાય. 5G ટેકનોલોજીથી ડેટા ડાઉનલોડની ઝડપ વધવાથી વપરાશકારને લાભ થશે. 5Gમાં 4G કરતા 10 ગણી ડાઉનલોડ સ્પીડ મળવાની સંભાવના છે. તેનાથી સ્પેક્ટ્રમ ક્ષમતા પણ ત્રણ ગણી મળશે અને અલ્ટ્રા લો લેટન્સીથી 4.0 એપ્લિકેશન્સ પણ થઈ શકશે.

## OCI કાર્ડ રી-ઇશ્યુ કરવાની પ્રક્રિયા સરળ કરવામાં આવી

સરકારે ઓવરસીઝ સિટિઝન ઓફ ઈન્ડિયા (OCI) કાર્ડ્સ રી-ઇશ્યુ કરવાની પ્રક્રિયા સરળ બનાવી છે. ભારત સરકારે અત્યાર સુધી 37.72 લાખ ઓસીઆઇ કાર્ડ્સ ઇશ્યુ કર્યા છે. વર્તમાન કાયદા પ્રમાણે, ભારતીય મૂળના વિદેશી, ભારતીય નાગરિકની વિદેશી પત્ની કે પતિ અથવા તો ઓસીઆઇ કાર્ડધારકની વિદેશી પત્ની કે પતિ ઓસીઆઇ કાર્ડધારક તરીકે નોંધણી કરાવી શકે છે. ઓસીઆઇ કાર્ડ ભારતમાં પ્રવેશ મેળવવા અને રહેવા માટેનો આજીવન વિઝા છે, જેની સાથે બીજા અનેક મોટાં લાભ સંકળાયેલા છે, જે વિદેશીઓને ઉપલબ્ધ નથી.

હાલમાં, 20 વર્ષની ઉંમર સુધી જ્યારે પણ નવો પાસપોર્ટ ઇશ્યુ થાય ત્યારે દર વખતે અને 50 વર્ષની ઉંમર થાય ત્યારે ઓસીઆઇ કાર્ડ રી-ઇશ્યુ કરવો પડે છે. અરજકર્તાના ચહેરામાં શારિરીક ફેરફારને કારણે આમ કરવું પડે છે. પણ સરકારે હવે આ નિયમમાં મોટી રાહત આપી છે. હવે 20 વર્ષની ઉંમર પહેલાં



ઓસીઆઇ કાર્ડનું રજીસ્ટ્રેશન કરાવ્યું હોય તેણે 20 વર્ષની ઉંમર પછી નવો પાસપોર્ટ ઇશ્યુ થાય ત્યારે એક જ વાર ઓસીઆઇ કાર્ડ રી-ઇશ્યુ કરાવવું પડશે, જેથી પુખ્ત વયની ઉંમરે તેનાં ચહેરાની તસવીર લઈ શકાય. જો વ્યક્તિએ 20 વર્ષની ઉંમર પછી ઓસીઆઇ કાર્ડધારક તરીકે રજીસ્ટ્રેશન કરાવ્યું હોય તો તેણે કાર્ડ રી-ઇશ્યુ કરવાની જરૂર નથી. ●

# આધુનિક આસામના સાર્વભૌમત્વના ઘડવૈયા



જન્મઃ 6 જૂન, 1890 | મૃત્યુઃ 5 ઓગસ્ટ, 1950

**ગોપીનાથ બારદોલોઇ બહુમુખી પ્રતિભા ધરાવતા હતા. તેઓ વકીલ, શિક્ષક, એક્ટિવિસ્ટ, સ્વતંત્રતા સેનાની અને રાજકારણી હતા. ચીન અને પૂર્વ પાકિસ્તાન સામે આસામનાં સાર્વભૌમત્વનું રક્ષણ કરવા તેઓ ખૂબ લડ્યા હતા. તેમના કારણે જ આસામ આજે ભારતનો હિસ્સો છે. રાજ્યના ઝડપી વિકાસ માટે તેમણે ખૂબ મહેનત કરી હોવાથી તેમને આધુનિક આસામના ઘડવૈયા પણ કહી શકાય.**

ભારતમાં અનેક મહાન હસ્તીઓ થઈ ગઈ, જેમણે દેશની સ્વતંત્રતામાં અભૂતપુર્વ પ્રદાન આપ્યું હોય પણ રાજ્યનો ઔપચારિક દરજ્જો મેળવવા માટે રાહ જોવી પડી હોય. ગોપીનાથ બારદોલોઇનો જન્મ 6 જૂન, 1890નાં રોજ આસામના નગાંવ જિલ્લાના રાહા ખાતે થયો હતો. માત્ર 12 વર્ષની વયે તેમણે માતા ગુમાવી. ગુહાટીમાં પ્રાથમિક શિક્ષણ લીધું અ તે પછી કોલકતાથી બેચલર્સ અને માસ્ટર્સ ડિગ્રી મેળવીને આસામ પાછા આવ્યા. પ્રારંભમાં તેઓ સ્થાનિક શાળામાં હેડમાસ્ટર તરીકે જોડાયા અને પછી કાયદાની પ્રેક્ટિસ કરવા માંડ્યા. 1917નું વર્ષ હતું, જ્યારે દેશ આઝાદી માટે લડતો હતો અને મહાત્મા ગાંધીની પ્રેરણાથી યુવાનો સ્વતંત્રતા સંગ્રામમાં જોડાઈ જતા હતા. બ્રિટિશ શાસન હેઠળ આસામ અને પૂર્વોત્તરની દશાથી વ્યથિત થઈને કાયદાની પ્રેક્ટિસ છોડીને બારદોલોઇ અસહકારના આંદોલનમાં જોડાયા. ચળવળના ભાગ રૂપે રાજ્યનાં ખૂણે ખૂણે ફરવાનું થતું હોવાથી તેઓ રાજ્યમાં જાણીતા બની ગયા. 1922માં તેમણે ઈન્ડિયન નેશનલ કોંગ્રેસના નેજા હેઠળ આસામ કોંગ્રેસની રચના કરી. 'ચૌરી-ચૌરા' ઘટના પછી અસહકારનું આંદોલન પાછું ખેંચાયા બાદ બારદોલોઇએ ફરીથી કાયદાની પ્રેક્ટિસ શરૂ કરી. 1935માં તેઓ ગુવાહાટી મ્યુનિસિપલ બોર્ડના ચેરમેન બન્યા. 1935માં આસામમાં ચૂંટણી થઈ ત્યારે બારદોલોઈની આગેવાનીમાં કોંગ્રેસને બહુમતી મળી, પણ સરકાર રચવાને બદલે તેમણે વિરોધ પક્ષમાં બેસવાનું પસંદ કર્યું. જો કે, 1938માં સરકાર પડી જતાં તેમણે મુખ્યમંત્રી પદનો ચાર્જ સંભાળ્યો. બીજા વિશ્વયુધ્ધ દરમિયાન, મહાત્મા ગાંધીના કહેવાથી તેમની સરકારે રાજીનામું આપ્યું. એ પછી બ્રિટિશરોએ તેમને જેલમાં નાખ્યા પણ ખરાબ તબિયતને પગલે તેમને મુક્ત કરવામાં આવ્યા.

ઓગસ્ટ 1942માં 'ભારત છોડો' ચળવળ બાદ બ્રિટિશરોએ કોંગ્રેસને ગેરકાનૂની જાહેર કરી અને બારદોલોઇ સહિતના કોંગ્રેસના લગભગ તમામ નેતાઓની ધરપકડ કરી. જો કે, 1946માં વિજેતા બન્યા પછી તેઓ ફરી એક વાર આસામના મુખ્યમંત્રી બન્યા. એ સમયગાળામાં બ્રિટિશરોએ 'કેબિનેટ કમિશન'ની રચના કરી. બ્રિટિશરો રાજ્યોને ત્રણ વિવિધ કેટેગરીમાં વિભાજીત કરવા માંગતા હતા. તેમનો હેતુ ધર્મના આધારે દેશને વિભાજીત કરવાનો હતો. બંગાળ અને આસામને સમાન કેટેગરીમાં સમાવવામાં આવ્યા હતા. તેનો અર્થ એ થયો કે આસામના પ્રતિનિધિઓ બંગાળની સરખામણીમાં લઘુમતી બની જાય. બારદોલોઇએ આ યોજનાનો વિરોધ કરતા કહ્યું કે આનાથી તો આસામ તેની ઓળખ ગુમાવી બેસશે. તેમનાં પ્રયત્નોને કારણે જ આસામ એ સમયનાં પૂર્વ પાકિસ્તાનનો ભાગ બનતાં રહી ગયું. બારદોલોઇના પ્રયાસોથી જ આસામ મેડિકલ કોલેજ, આસામ હાઇકોર્ટ, ગુવાહાટી યુનિવર્સિટી અને આસામ વેટરિનરી કોલેજ સહિતની અનેક સંસ્થાઓની રચના થઈ. આસામના લોકો તેમને ખૂબ પ્રેમ કરતા હતા અને તેની કદર રૂપે આસામના તત્કાલીન ગવર્નર જયરામ દાસ દૌલતરામે તેમને 'લોકપ્રિય'નું બિરૂદ આપ્યું હતું. તેઓ 'આધુનિક આસામના રચયિતા' તરીકે પણ જાણીતા છે. •

**બારદોલોઇને 1999માં મરણોપરાંત ભારત રત્ન એવોર્ડ આપવામાં આવ્યો હતો. એ વખતે અટલ બિહારી વાજપેયી વડાપ્રધાન હતા.**

**તત્કાલીન રાષ્ટ્રપતિ ડો. એપીજે અબ્દુલ કલામ દ્વારા 2002માં સંસદમાં તેમની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું.**

# કોવિડ મહામારીમાં પણ પૂરતી તકો આપીને ખેડૂતોનું સશક્તિકરણ



**કોવિડ મહામારીના સમયમાં અનકે પડકારોની વચ્ચે ખેડૂતોએ કૃષિ અને બાગાયતમાં વિક્રમ ઉત્પાદન કર્યું છે, તો સરકાર પણ લઘુતમ ટેકાના ભાવ (એમએસપી)એ ખરીદીના નવા વિક્રમ સર્જી રહી છે. વડાપ્રધાને 14મેનાં રોજ પીએમ કિસાન સન્માન નિધિ અંતર્ગત 8મા હપ્તામાં 9.5 કરોડથી વધુ લાભાર્થી ખેડૂત પરિવારોને રૂ. 20,000 કરોડથી વધુ રકમ ટ્રાન્સફર કરી હતી.**

આંધ્રપ્રદેશના એન વેણુ રમાએ ઉજ્જડ જમીનને ખેતીલાયક બનાવી દીધી. ઉન્નાવના અરવિંદ નિષાદે કૃષિ વિભાગ પાસેથી જૈવિક ખેતીની તાલીમ લીધી. આંદામાન નિકોબારના ખેડૂત પેટ્રીકે સમગ્ર પરિવારને જૈવિક ખેતીના કામમાં લગાવી દીધું. આ જ રીતે પૂર્વોત્તરને જૈવિક ઉત્પાદન હબ તરીકે વિકસાવનાની યોજના સાથે જોડાયેલા ખેડૂત રોવિસ્ટાર ખરમૂનપુર ખેડૂતમાંથી ઉદ્યોગ સાહસિક બનવાનો અને એફપીઓ શરૂ કરવાનો અનુભવ અન્ય ખેડૂતો સાથે વહેંચીને નવો માર્ગ દર્શાવી રહ્યા છે. આવા ખેડૂતોએ પોતાના સુખદ અનુભવો વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેના સીધા સંવાદમાં વર્ણવ્યા. આ યોજનામાં પ્રથમ વાર પશ્ચિમ બંગાળના ખેડૂતોને પણ લાભ થયો છે. આ પ્રસંગે વડાપ્રધાન મોદીએ ખેડૂતો સાથે સંવાદ કર્યો, એટલું જ નહીં, પણ કોવિડ મહામારી જેવી વૈશ્વિક આપત્તિના સમયમાં તેમને રાહત આપતા ઉપાયોની પણ જાહેરાત કરી. તેમના સંબોધનના મુખ્ય મુદ્દા આ પ્રમાણે છેઃ

- સરકારે કોરોનાને ધ્યાનમાં રાખીને કિસાન ક્રેડિટ કાર્ડ લોનની ચૂકવણી અથવા રીન્યુ કરવાની સમય મર્યાદા વધારી દીધી છે.
- ખેતીમાં નવી પહેલ કરવા અને ખેડૂતોને નવા વિકલ્પ આપવા માટે કેન્દ્ર સરકાર સતત પ્રયાસ કરી રહી છે. જૈવિક ખેતીને પ્રોત્સાહન આપવું એ આવો જ એક પ્રયાસ છે.
- પંજાબ અને હરિયાણાના લાખો ખેડૂતો પ્રથમ વાર ડીબીટી (ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર)ની સુવિધા સાથે જોડાયા છે. આ વર્ષે અત્યાર સુધી પાછલા વર્ષની સરખામણીમાં લગભગ 10 ટકા વધુ ઘઉં એમએસપી પર ખરીદવામાં આવ્યા છે.
- ઘઉંની ખરીદીના બદલામાં લગભગ રૂ. 58,000 કરોડની રકમ ખેડૂતોના ખાતામાં સીધી ટ્રાન્સફર કરી દેવામાં આવી છે. ખેડૂતોએ હવે પોતાની ઉપજના પૈસા મેળવવા લાંબી રાહ નથી જોવી પડતી.. પીએમ-કિસાન સન્માન નિધી યોજનાથી ખાસ કરીને નાના અને સીમાંત ખેડૂતોને વધુ લાભ થઈ રહ્યો છે. •

વડાપ્રધાનનું સંપૂર્ણ ભાષણ સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો

## આ રીતે યોજનાનો લાભ ઉઠાવો

ભારત સરકારે 1 ડિસેમ્બર, 2018થી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના (પીએમ-કિસાન) લાગુ કરી હતી અને અત્યાર સુધી 11 કરોડથી વધુ ખેડૂતોના ખાતામાં રૂ. 35,000 કરોડથી વધુ રકમ ટ્રાન્સફર કરવામાં આવી છે. કોઇ પણ ખેડૂત આ યોજનાનો લાભ ઉઠાવી શકે છે.

- આ યોજનામાં કિસાન કોર્નર, કોમન સર્વિસ સેન્ટર (CSC) અને મોબાઇલ એપના માધ્યમથી નોંધણી કરાવી શકાય છે. આ માટે ખેડૂતે રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત સ્થાનિક પટવારી/ મહેસુલ અધિકારી (પીએમ-કિસાન)નો સંપર્ક કરવાનો રહેશે.
- પીએમ-કિસાન માટે લાયકાત ધરાવતા લાભાર્થીઓને બેન્ક ખાતામાં ડીબીટી દ્વારા સીધી ચૂકવણી કરવામાં આવે છે.
- આ યોજના આર્થિક રીતે નબળાં ખેડૂત પરિવારોને પુરક આવકની ખાતરી આપે છે અને પાકની ઋતુ પહેલાં તેમની જરૂરિયાતોને પણ પૂરી કરે છે
- આ યોજના અંતર્ગત લાયકાત ધરાવતા લાભાર્થી ખેડૂતોને વર્ષે રૂ. 6,000ની ચૂકવણી દર ચાર મહિને ત્રણ સમાન હપ્તામાં કરવામાં આવે છે.



## બીજી લહેર સામેનાં પગલાં

# સરકાર સતત પ્રયાસશીલ

**કોવિડ મહામારીની બીજી લહેરને કારણે જનજીવન પર અસર પડી છે ત્યારે આશા અને ઉત્સાહના અનેક ઉદાહરણ જોવા મળ્યા છે. કેન્દ્ર સરકારે રાજ્ય સરકારો સાથે સંકલન કરીને કોવિડ 19ની અસરને ડામવા માટે યુધ્ધના ધોરણે પગલાં ભર્યાં છે, તો સાથે સાથે લાંબા ગાળા માટે આરોગ્યનું માળખું ઝડપથી ઊભાં કરવાના પ્રયાસ પણ ચાલુ છે.**

સુખદીપનો કોવિડ રિપોર્ટ પોઝિટિવ આવ્યો ત્યારે તે માત્ર 20 દિવસનો હતો. આ રોગમાંથી સાજા થવામાં તેને 10 દિવસ લાગ્યા. ટેસ્ટિંગ બાદ પૂરી તપાસ કરીને 7મેનાં રોજ તેને જલંધરની પંજાબ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ (PIMS)માંથી રજા આપવામાં આવી. તેના માબાપ કોરોના નેગેટિવ હતા. તેના પિતા ગુરદીપ સિંઘે જણાવ્યું, "અમારા બાળકનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હોવાનું જાણીને અમે દુઃખી થઈ ગયા હતા."

સામાન્ય પરિવારમાંથી આવતા સિંઘ કહે છે, "ઈશ્વરે અમારી પ્રાર્થના સાંભળી અને હોસ્પિટલની ચોવીસ કલાક સારવાર અને સર્વોત્તમ મેડિકલ સુવિધાઓને પગલે તે સાજો થઈ ગયો." સુખદીપની માતા સંદીપ કૌર પોતાના વ્હાલસોયાને હાથમાં લે છે ત્યારે તેની આંખો ખુશીથી ચમકી ઉઠે છે. અત્યંત ખુશ થયેલાં દાદી કુલવિન્દર કૌર જણાવે છે, "વાહે ગુરૂજીની કૃપા છે કે મારો પૌત્ર સાજો થઈને ઘરે આવી ગયો. ડોક્ટરોએ તેની ખૂબ કાળજી લીધી." માત્ર પરિવાર જ નહીં, નર્સિંગ કર્મચારીઓ પણ આ નવજાતની સંભાળ રાખીને ખૂબ ખુશ છે. નર્સ રૂબી કહે છે, "નવજાત બાળકને આટલી બધી તકલીફમાં જોઈને દુઃખ થતું હતું. તેની માતા સ્તનપાન કરાવી શકે તેમ ન હોવાથી સુખદીપને ચમચીથી દૂધ પીવડાવવામાં આવતું હતું."

પોતાનો અનુભવ વર્ણવતા ચાઈલ્ડ સ્પેશ્યાલિસ્ટ ડો. જીતેન્દ્ર સિંઘ કહે છે, "બાળકને ભારે તાવ અને આંચકી સાથે હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. અમારા માટે તેનો કેસ બહુ પડકારજનક હતો. તેના માબાપને સધિયારો આપવો પણ મુશ્કેલ હતો. પણ તેમણે અમને સંપૂર્ણ સહકાર આપ્યો."

18-44 વર્ષની વયના લોકો માટે રસીકરણની નોંધણી શરૂ થઈ ત્યારે દેશના કેટલાંક ભાગમાં, ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં લોકોને રસીકરણનો સ્લોટ બુક કરવામાં સમસ્યા નડતી હતી. કોવિન એપ અંગ્રેજીમાં ઉપલબ્ધ હોવાથી સ્થાનિક ભાષા જ સમજતાં લોકોને સમસ્યા નડી હતી, તો ટેકનોલોજીથી અજાણ લોકોને રજીસ્ટ્રેશન કરતાં આવડતું નહોતું. આ પડકારોની વચ્ચે અનેક નાગરિકોએ આવા લોકોને મદદ કરી. કેરળમાં, કરિયાણાની દુકાનના માલિકો અને વિદ્યાર્થીઓ આવા લોકોની મદદે આવ્યા. 'આજીવિકા બ્યુરો' અને 'ટ્રાન્સફોર્મ રૂરલ ઈન્ડિયા' જેવી બિનસરકારી સંસ્થાઓ (NGO)એ રસીની નોંધણી કરાવવામાં લોકોને મદદ કરી.

**કોરોનાથી સંક્રમિત દૈનિક કેસોમાં ઘટાડો થયો છે, જ્યારે રિકવરી રેટ વધી રહ્યો છે. નિષ્ણાતો માને છે કે રિકવરી રેટમાં વધારો એ વાતનો સંકેત છે કે ભારતમાં કોવિડ-19ની ટોચ (પીક) પૂરી થઈ ગઈ છે.**

નવજાત શિશુથી માંડીને 100 વર્ષની વય વટાવી ચૂકેલા સિનિયર સિટિઝન્સ સહિતના રિકવર થયેલા અનેક કેસો કોરાનાની પ્રથમ લહેરની જેમ બીજી લહેરને પણ અસરકારક રીતે ડામવામાં ભારતના જુસ્સાને વ્યક્ત કરે છે. કેન્દ્ર સરકાર આરોગ્યના માળખાને ઝડપથી ઊભું કરવા યુધ્ધનાં ધોરણે કામ કરી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી નિષ્ણાતો, ઉદ્યોગો, ફાર્મા કંપનીઓ, ડોક્ટર્સ, સંબંધિત અધિકારીઓ અને રાજ્યના પ્રતિનિધિઓ સાથે નિયમિત બેઠક કરે છે. કોવિડની અસર ડામવાના પ્રયાસમાં લશ્કરની પણ મદદ લેવામાં આવી છે.

## કોવિડ સામેની નિર્ણાયક લડાઈમાં ભારત સજ્જ

કોરોનાની બીજી લહેર વચ્ચે કેન્દ્ર સરકાર રાજ્ય સરકારોની મદદથી મહામારી સામેની નિર્ણાયક લડાઈ માટે તૈયારી કરી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી કહે છે, "આપણી સામેનો અદ્રશ્ય દુશ્મન અનેક સ્વરૂપમાં છે. કોરોના વાયરસને કારણે




## વડાપ્રધાન ખુદ દરરોજ સ્થિતિની સમીક્ષા કરે છે

- વડાપ્રધાન રાજ્યોમાં હેલ્થકેર સંબંધિત માળખાની તૈયારીની સતત સમીક્ષા કરે છે.
- તેમણે રાજ્યોને સંવેદનશીલ બનવા અને રસીકરણની ઝૂંબેશને ધીમી ન પડવા દેવા સૂચના આપી.
- ઈન્ફેક્શન રેટ 10 ટકા કે તેનાથી વધુ હોય અથવા 60 ટકાથી વધુ ઓક્સિજન બેડ કે આઈસીયુ બેડ ફુલ થઈ ગયા હોય તેવા જિલ્લાઓ શોધી કાઢવા રાજ્યોને સૂચના આપવામાં આવી છે.
- દવાઓની ઉપલબ્ધતાની સમીક્ષા અને રેમડેસિવિર સહિતની દવાઓનાં ઉત્પાદનમાં વધારા પર સતત નજર છે.



# દૈનિક ઇન્ફેક્શન રેટ ઘટ્યો છે, જ્યારે રિકવરી રેટ વધ્યો છે




**કોરોના સામેની લડાઈમાં વ્યસ્ત 75થી વધુ ટીમ વેક્સિન અને ઓક્સિજન પૂરો પાડવા ઉપરાંત કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સંકલન કરી રહી છે.**

આપણે અનેક સ્વજનોને ગુમાવ્યા છે. વીતેલાં કેટલાંક સમયમાં જે તકલીફ દેશવાસીઓએ સહન કરી છે, જે દર્દ તેમણે અનુભવ્યું છે, હું પણ અનુભવી રહ્યો છું. દેશના પ્રધાનસેવક હોવાના નાતે તમારી તમામ લાગણીઓમાં હું સહભાગી છું. સંસાધનો સાથે સંકળાયેલા અવરોધોને દૂર કરવાનો પ્રયાસ યુધ્ધ સ્તરે થઈ રહ્યો છે. વધુને વધુ લોકો રસી લગાવી શકે તે માટેના પ્રયાસ ચાલુ છે. જ્યારે પણ તમારો વારો આવે ત્યારે ચોક્કસથી રસી મૂકાવો. આ રસી આપણને કોરોના વાયરસ સામે સલામતી કવચ પુરું પાડશે અને ગંભીર બિમારીની સંભાવના ઘટાડશે. રસી લગાવ્યા પછી પણ આપણે માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સિંગ જેવા મંત્રને ભુલવાના નથી."

29 માર્ચ, 2020નાં રોજ કેન્દ્ર સરકારે કોરોના વાયરસનો સામનો કરવા 11 એમ્પાવર્ડ ગ્રુપ્સની રચના કરી હતી. એ પછી 11 સપ્ટેમ્બરનાં રોજ તેનું પુનર્ગઠન કરીને છ ગ્રુપ કરવામાં આવ્યા અને દરેકને વધારે જવાબદારી સોંપવામાં આવી. સંબંધિત મંત્રાલયોના સચિવ અને ટોચના અધિકારીઓના વડપણ હેઠળ નિષ્ણાતોનાં જૂથ તેમને સોંપવામાં આવેલા કામ કરી રહ્યું છે. રાજ્યો મેડિકલ અને કોવિડ મેનેજમેન્ટ કરી શકે તે માટે તેમને જરૂરી સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે અને ઓક્સિજનનો પૂરતો પુરવઠો આપવામાં આવે છે. આ ગ્રૂપ ખાનગી ક્ષેત્ર, એનજીઓ અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે સંકલન



# ઓક્સિજનનો પુરવઠો વધારવામાં આવ્યો

**100** ઓક્સિજન એક્સપ્રેસે 25 દિવસમાં 13 મે સુધી 7,115 ટન લિક્વિડ મેડિકલ ઓક્સિજન પૂરો પાડ્યો છે.

**1000** ટનનો વધારો થયો 15 દિવસમાં મેડિકલ ઓક્સિજનના ઉત્પાદનમાં

- ભારતીય હવાઇ દળ (IAF)ના વિમાનોએ કોવિડના દર્દીઓને ઓક્સિજનનો પુરવઠો તાબડતોબ પહોંચાડ્યો હતો. આ કામમાં ભારતીય નૌકા દળે પણ મદદ કરી હતી. હવાઇ દળ વિમાનો દ્વારા જરૂરિયાતમંદ લોકો સુધી મોટાં ઓક્સિજન કન્ટેનર પહોંચાડે છે. વિદેશથી મળેલા ઓક્સિજન કન્ટેનર્સ અને અન્ય મેડિકલ સાધનોને પણ હવાઇ દળના વિમાનો દ્વારા તાત્કાલિક પહોંચાડવામાં આવી રહ્યા છે.
- આ કામમાં લશ્કર પણ મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે. ગયા વર્ષે ઓપરેશન 'સમુદ્ર સેતુ'માં મહત્વની ભૂમિકા ભજવનાર ભારતીય યુધ્ધજહાજ આઇએનએસ જવાલા ઈસ્ટર્ન કમાન્ડમાં ઓક્સિજનનો પુરવઠો પૂરી પાડી રહ્યું છે. આઇએનએસ તલવાર વિદેશથી 40 મેટ્રિક ટન ઓક્સિજન લઈને સ્વદેશ પરત ફર્યું છે.
- આઇએનએસ કોલકાતાએ કુવૈત, દોહા અને કતારમાંથી ઓક્સિજન કન્ટેનર ભારત પહોંચાડ્યા છે. દરમિયાન, આઇએનએસ ઐરાવત ઓક્સિજન કન્ટેનર્સ લાવવા સિંગાપોર પહોંચી ગયું છે. લિક્વિડ મેડિકલ ઓક્સિજન કન્ટેનર્સને ઝડપથી લાવવા ભારતીય નૌકા દળનું આઇએનએસ કોચી, ત્રિકાંડ અને તાબુર પણ જોડાયા છે.
- લાઇટ કોમ્બેટ એરક્રાફ્ટ (LCA) તેજસ પર 'ઓન બોર્ડ' ઓક્સિજન ઉત્પાદન માટે વિકસાવેલી મેડિકલ ઓક્સિજન પ્લાન્ટ (MOP) ટેકનોલોજીનો ઉપયોગ કરીને ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન (DRDO) દેશભરમાં 500 મેડિકલ ઓક્સિજન ઉત્પાદન પ્લાન્ટ સ્થાપશે. આ પ્લાન્ટ્સ જાહેર અને ખાનગી ભાગીદારીમાં દેશનાં વિવિધ ભાગોમાં સ્થાપવામાં આવશે. આ પ્રોજેક્ટ માટેનું ભંડોળ પીએમ કેર્સ ફન્ડ દ્વારા આપવામાં આવી રહ્યું છે. દિલ્હી-એનસીઆરમાં 10 મે સુધીમાં આવા પાંચ પ્લાન્ટ સ્થપાઈ ચૂક્યા છે.
- DRDOના વડા સથીશ રેડ્ડીના જણાવ્યા પ્રમાણે આ પ્લાન્ટ દ્વારા એક મિનિટમાં 1,000 લિટર ઓક્સિજનનું ઉત્પાદન થઈ શકે છે. આ સિસ્ટમ દ્વારા એક સમયે 190 દર્દીને પાંચ લિટર ઓક્સિજન પૂરો પાડી શકાય છે. વળી, આ સિસ્ટમ દ્વારા 195 ખાલી ઓક્સિજન સિલિન્ડર પણ ભરી શકાય છે.

# મિશન વેક્સિનની સફળતાની દિશામાં મહત્વનું પગલું

- હાલમાં ભારતમાં વિશ્વની સૌથી મોટી રસીકરણ ઝૂંબેશ ચાલી રહી છે. 13 મે સુધીમાં 18 કરોડથી વધુ લોકોને રસી આપવામાં આવી ચૂકી છે. 18થી 44ની વય જૂથમાં 34 લાખ લોકોએ રસી લીધી છે.
- કેન્દ્ર સરકારે દેશમાં રસીની ઉપલબ્ધિ સરળ બનાવવા માટે સૂંપૂર્ણ રોડમેપ તૈયાર કર્યો છે. હાલમાં દેશમાં ભારત બાયોટેકની કોવેક્સિન અને સિરમ ઇન્સ્ટિટ્યૂટની કોવિશીલ્ડ રસી આપવામાં આવી રહી છે. ડિસેમ્બર મહિના સુધીમાં ભારતમાં વધુ છ રસી મળતી થઈ જશે.
- કોવિડ-19ની રસી માટેનાં નેશનલ એક્સપર્ટ ગ્રૂપના ચેરમેન ડો. વી કે પૌલના જણાવ્યા પ્રમાણે ઓગસ્ટથી ડિસમ્બર દરમિયાન ભારતમાં 216 કરોડ રસીના ડોઝ ઉપલબ્ધ હશે, જે 95 કરોડ ભારતીયો માટે પૂરતાં છે.
- કોવેક્સિન અને કોવિશીલ્ડ બાદ રશિયાની સ્પુતનિક V ને ભારતમાં ઇમરજન્સી યુઝ માટે મંજૂરી આપવામાં આવી છે. આ ઉપરાંત, બાયો E, ઝાયડસ કેડિલા, સિરમની નોવાવેક્સ, ભારત બાયોટેકની નેસલ અને જીનોવાની રસી ક્લિનિકલ ટ્રાયલના ત્રીજા તબક્કામાં છે.

## ડિસેમ્બર સુધીમાં બે અબજ ડોલરથી વધુ રસી

(રૂપિયા કરોડમાં)

| | |
|---|---|
| કોવિશીલ્ડ | 75 |
| કોવેક્સિન | 55 |
| બાયો-E | 30 |
| ઝાયડસ કેડિલા | 5 |
| નોવાવેક્સ | 20 |
| નેસલ વેક્સિન | 10 |
| જીનોવા | 6 |
| સ્પુટનિક | 15.6 |




- કોવિડ અંગેની નેશનલ કમિટીની ભલામણને પગલે કોવિશીલ્ડના બે ડોઝ વચ્ચેનો ગેપ 6-8 સપ્તાહથી લંબાવીને 12-16 સપ્તાહ કરવામાં આવ્યો છે. જો કે, કોવેક્સિનના બે ડોઝ વચ્ચેનો ગેપ નથી લંબાવવામાં આવ્યો.
- ડ્રગ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (DCGI)એ 2થી 18ની વય જૂથ માટે ક્લિનિકલ ટ્રાયલને મંજૂરી આપી દીધી છે. ભારત બાયોટેકની દરખાસ્તને પગલે કમિટીએ ટ્રાયલની ભલામણ કરી છે. ભારત વિશ્વમાં સૌથી ઝડપી રસી આપતો દેશ છે, જ્યાં 114 દિવસના સમયમાં 17 કરોડ લોકોને રસી આપવામાં આવી છે. અમેરિકા અને ચીનને આટલી રસી આપતાં અનુક્રમે 115 અને 119 દિવસ થયા હતા.
- કોરોના સામેની લડાઈમાં જોડાયેલી 75થી વધુ ટીમો વેક્સિન અને ઓક્સિજન મેનેજમેન્ટની સાથે સાથે કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે સંકલન સાધી રહી છે.

કરવાની સાથે સાથે આર્થિક કલ્યાણનાં પગલાં પણ લે છે અને કોવિડ-19 સંબંધિત વર્તાણુંકના મુદ્દાઓનો પણ ઉકેલ લાવે છે.

આ એમ્પાવર્ડ ગ્રુપ્સને સબ ગ્રુપ અને કેન્દ્ર સરકારના અધિકારીઓ અને નિષ્ણાતોની ટીમ મદદ કરે છે. કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી પ્રકાશ જાવડેકરના જણાવ્યા પ્રમાણે, કેન્દ્ર સરકાર દ્વારા કોવિડ મેનેજમેન્ટ માત્ર રાજ્યોને સૂચનો અને માર્ગદર્શિકા જારી કરવા પૂરતું મર્યાદિત નથી. કેન્દ્ર સરકારે રાજ્યોની તૈયારીનું મૂલ્યાંકન કરવા અને મહામારીના અસરકારક અંકુશ માટે પગલાંની અસરકારકતા ચકાસવા ઉચ્ચ સ્તરીય દેખરેખ સમિતીઓ

**2500થી વધુ લેબમાં 31 કરોડથી વધુ પરીક્ષણ કરવામાં આવ્યા છે. દૈનિક સરેરાશ પરીક્ષણની સંખ્યા 16 લાખથી વધુ છે**

નીમી છે. સપ્ટેમ્બર 2020થી વિવિધ રાજ્યોમાં કેન્દ્રીય અધિકારીઓ અને આરોગ્ય નિષ્ણાતોની બનેલી 75 ઉચ્ચ સ્તરીય ટીમ નિમવામાં આવી છે. તેમની પાસેથી સમયસર મળેલી પ્રતિક્રિયાઓને કારણે કેન્દ્ર અને રાજ્યોની તૈયારી અને વ્યૂહ વચ્ચેની ખામીઓ પૂરવામાં મદદ મળી છે.

## કોવિડ દર્દીઓમાં બ્લેક ફંગસથી ઊભા થયેલા પડકારને ડામવા કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય માર્ગદર્શિકા જારી કરે છે

### ઓક્સિજન પ્લાન્ટની નજીક કામચલાઉ હોસ્પિટલો બનાવવાની યોજના

દેશ કોવિડ મહામારીની બીજી લહેરનો સામનો કરી રહ્યો છે ત્યારે સરકાર કોરોનાના દર્દીઓ માટે ઓક્સિજનનો પુરવઠો વધારી રહી છે. સરકાર સ્ટીલ પ્લાન્ટ, પેટ્રો કેમિકલ એકમો સાથે સંકળાયેલી રિફાઇનરીઓ, ફ્યુઅલ રીચ કમ્બશનનો ઉપયોગ કરતા ઉદ્યોગો, પાવર પ્લાન્ટ્ અને ઓક્સિજનનો ઉપયોગ કરતા ઉદ્યોગોની જરૂરિયાતની સમીક્ષા કરી રહી છે. કોવિડ દર્દીઓને બચાવવા માટે આ પ્લાન્ટ્સમાં ઉત્પાદિત ઓક્સિજનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. સરકારે પાંચ પ્લાન્ટમાં પાયલટ પ્રોજેક્ટના ધોરણે કામ શરૂ કરી દીધું છે જેનાં પ્રોત્સાહક પરિણામો મળ્યા છે. આગામી પગલાંમાં, સરકાર ઓક્સિજન ઉત્પાદન પ્લાન્ટની નજીકમાં 10,000 બેડની કામચલાઉ હોસ્પિટલો સ્થાપવા પર ભાર મૂકી રહી છે. આ યોજના હેઠળ સરકાર રાજ્ય સરકારોને ઓક્સિજન બેડ સુવિધાઓ વધારવા પ્રોત્સાહન આપી રહી છે.

### માનસિક તાણથી બચવા ટોલ-ફ્રી હેલ્પલાઇન

જો તમે સ્વજનના મૃત્યુ પછી માનસિક તણાવ હેઠળ હો અથવા તો ઉંઘ ના આવતી હોય તો ટોલ-ફ્રી હેલ્પલાઇન તમને ખૂબ મદદરૂપ નીવડશે. જ્યારે પણ તમને સામાજિક, માનસિક અથવા આરોગ્ય સંબંધિત સમસ્યા હોય ત્યારે રાષ્ટ્રીય ટોલ-ફ્રી હેલ્પલાઇન નંબર 080-46110007 પર તાત્કાલિક ફોન કરો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોવિડ મહામારીની લેટસ્ટ સ્થિતિ અંગે યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લિયેન સાથે ચર્ચા કરી હતી. એ પહેલાં, તેમણે અમેરિકન પ્રમુખ જો બાઇડન અને બ્રિટન, જાપાન, રશિયા સહિતના દેશોના વડાઓ સાથે પણ વાત કર હતી.

વિદેશમાંથી મળી રહેલા મેડિકલ સાધનો અને અન્ય સુવિધાઓને રાજ્યોમાં મોકલવામાં આવી રહી છે. 27 એપ્રિલથી 12 મે દરમિયાન રાજ્યોને કુલ 9,249 ઓક્સિજન કોન્સન્ટ્રેટર્સ, 11,835 ઓક્સિજન સિલિન્ડર્સ, 19 ઓક્સિજન પ્લાન્ટ્સ, 6,439 વેન્ટિલેટર્સ/બાઇપેપ અને આશરે 4.22 લાખ રેમડેસિવિર ઇન્જેક્શનો આપવામાં આવ્યા છે.




### DRDOની કોવિડ વિરોધી દવા 2DG લોંચ કરાઇ

DRDOની કોવિડ વિરોધી દવા 2DG ઇમરજન્સી ઉપયોગ માટે 17મેનાં રોજ લોંચ કરવામાં આવી હતી. આ દવા સેશેમાં પાઉડર સ્વરૂપમાં આવે છે, જેને પાણીમાં ઘોળીને પીવામાં આવે છે. પરીક્ષણ દરમિયાન તેના પ્રોત્સાહક પરિણામો આવ્યા હતા. DRDOના વડા સથીશ રેડ્ડીના જણાવ્યા પ્રમાણે જૂન મહિના સુધીમાં આ દવા તમામ સ્થળોએ ઉપલબ્ધ થશે.


### ESICની કોવિડ હોસ્પિટલો પણ મહત્વની ભૂમિકા ભજવે છે

- દેશભરમાં 30 ESIC હોસ્પિટલોને કોવિડ હોસ્પિટલોમાં તબદિલ કરવામાં આવી
- તેમાં કુલ 4,200 બેડ છે. દેશભરના નાગરિકો માટે 300 આઇસીયુ અને 250 વેન્ટિલેટર બેડ્સ પણ છે
- આ હોસ્પિટલોમાં ઉપલબ્ધતા જાણવા માટે ડેશબોર્ડ પણ સ્થાપવામાં આવ્યું છે
- ESIC એ મે મહિનામાં દિલ્હી-એનસીઆરમાં બે હોસ્પિટલો ખાતે ઓક્સિજન પ્લાન્ટ સ્થાપ્યા છે. એક પ્લાન્ટ ફરિદાબાદમાં ESIC હોસ્પિટલમાં અને એક પ્લાન્ટ નવી દિલ્હીમાં ઝીલમીલ ખાતેની ESIC હોસ્પિટલમાં શરૂ કરવામાં આવ્યો છે. ●

# ''પ્રકૃતિ રક્ષતિ રક્ષિતા''

## મતલબ..પ્રકૃતિનું રક્ષણ કરશો તો તે તમારું રક્ષણ કરશે

સ્વચ્છ વાતાવરણનો આપણા અને આપણા બાળકોના જીવન સાથે સીધો સંબંધ છે. નદીઓ સ્વચ્છ રાખવા, પશુ પક્ષીઓને મુક્તપણે જીવવા, આકાશ સ્વચ્છ રાખવા માણસે કુદરત સાથે તાલમેલ મિલાવીને રહેવું જોઇએ અને કોવિડ મહામારીએ આપણને એ જ શીખવાડ્યું છે. લોકડાઉન દરમિયાન જીવન અટકી પડ્યું હતું ત્યારે કુદરતને સાજા થવાની અને નવસંચાર કરવાની તક મળી. આ સમયમાં કુદરત સાથે સંકળાયેલા આયુર્વેદ અને યોગ જેવા વિજ્ઞાન લોકો માટે જીવનદાયિની પુરવાર થયાં. ભારતની સંસ્કૃતિએ હંમેશા એવું માન્યું છે કે પર્યાવરણની રક્ષા કરતા કરતા પણ વિકાસ થઈ શકે છે. પ્રકૃતિ આપણા માટે પૂજનીય છે. તેથી જ આપણે 5 જૂને વિશ્વ પર્યાવરણ દિવસ મનાવીએ છીએ. પર્યાવરણ સંરક્ષણ અને સ્વચ્છ ઊર્જાના દિશામાં નેતૃત્વ તરફ ભારતના વધતા ડગ અંગે જાણવાની સાથે સાથે પ્રકૃતિનું સંરક્ષણ અને સંવર્ધનના પ્રયાસોમાં યોગદાન આપવાની આપણી જવાબદારી છે...



જમશેદપુરમાં સોનારીના નિવાસી 53 વર્ષીય બલજીત સિંઘ અસ્થમાના દર્દી છે. જ્યારે જ્યારે ઋતુ બદલાય ત્યારે તેમને હોસ્પિટલમાં દાખલ કરવા પડતા. પણ કોવિડ દરમિયાન આખું વિશ્વ જ્યારે પિડીત હતું ત્યારે બલજીતને ભારે રાહત હતી. તેમનો મેડિકલ ખર્ચ આશ્ચર્યજનક રીતે ઘટી ગયો. અગાઉ, જમશેદપુરમાં દર મહિને વિવિધ હોસ્પિટલોમાં અસ્થમાના આશરે 500 દર્દીઓ આવતા હતા, જે હવે ઘટીને 125 થઈ ગયા છે. દર્દીઓની સંખ્યામાં 75 ટકાનો અને દવાના વેચાણમાં 55 ટકાનો ઘટાડો થઈ ગયો છે. જમશેદપુર ડ્રગિસ્ટ એન્ડ કેમિસ્ટ્સ એસોસિએશનના દાવા પ્રમાણે અસ્થમાના રોગમાં વપરાતી થિયોફિલિન, સાલબુટેમોલ જેવી દવાઓ અને ઇન્હેલરની માગ ઘટી ગઈ છે. લોકડાઉન પહેલાં રૂ. 90 લાખથી રૂ. એક કરોડની દવાઓનું વેચાણ થતું હતું, જે ગયા વર્ષે એપ્રિલમાં ઘટીને રૂ. 40 લાખ થઈ ગયું હતું.

લોકડાઉન દરમિયાન લાદવામાં આવેલા નિયંત્રણોથી જનજીવન સ્થગિત થઈ ગયું હતું, પણ તેણે કુદરતની ભવ્યતા અને જીવ વૈવિધ્યને નજીકથી જોવાની તક આપી. પ્રદૂષણ અને ઘોંઘાટમાં અદ્રશ્ય થઇને રહેતાં અનેક પક્ષીઓ વર્ષો પછી જોવાં મળ્યાં. અનેક સ્થળોએ પ્રાણીઓ મુક્ત રીતે હરતા ફરતા હોવાના અહેવાલો આવ્યા, તો ગંગા અને ભારે પ્રદૂષિત યમુના નદીનાં પાણી ચોખ્ખાં થઈ ગયાં. લોકોએ સોશિયલ મિડિયા પર તસવીરો શેર કરી કે તેઓ તેમનાં ઘરની અગાસી પરથી દૂરના પહાડોને પણ સ્પષ્ટ રીતે જોઈ શકે છે. કુદરતના ખોળામાં વસેલા નૈનિતાલ અને ભીમતાલનું પાણી સ્વચ્છ અને પારદર્શક બની ગયું હતું. હવા અને આકાશ ચોખ્ખાં થઈ ગયાં, તો પ્રદૂષિત વિસ્તારોમાં હવામાં જોખમી તત્વોનું ચિંતાજનક પ્રમાણ અચાનક ઘટી ગયું. શહેરોમાં એર ક્વોલિટી ઇન્ડેક્સમાં સુધારો થયો અને પાર્ટિક્યુલેટ મેટરનું પ્રમાણ પણ ઘટી ગયું. નાસાના અહેવાલ પ્રમાણે, ઉત્તર ભારતમાં લોકડાઉન દરમિયાન હવાનું પ્રદૂષણ 20 વર્ષની નીચી સપાટીએ પહોંચી ગયું હતું. મહામારીએ થોડાં સમય માટે લોકોના જીવનની ગતિને ભલે ધીમી પાડી દીધી હોય પણ આ સમય પર્યાવરણના રક્ષણ અને તેનાં મહત્વ અંગે જાગૃત થવાનો છે. પર્યાવરણ નિષ્ણાતો માને છે કે આ એક એવી ઘટના છે કે લોકોને પણ સમજાયું કે દિલ્હી, મુંબઇ, પૂણે અને અમદાવાદ જેવા શહેરો પણ પ્રદૂષણમુક્ત થઈ શકે છે. લોકોને હવે સમજાયું કે ચોખ્ખી હવામાં શ્વાસ લેવો કોને કહેવાય.

**"માતા ભૂમિઃ પુત્રો અહમ્ પૃથિવ્યાઃ**

વેદોમાં કહેવામાં આવ્યું છે કે આપણામાં જે પવિત્ર છે તે આપણી પૃથ્વીને કારણે છે. ધરતી આપણી માતા છે અને આપણે તેનાં પુત્ર છીએ. આપણે ભગવાન બુધ્ધને યાદ કરીએ છીએ ત્યારે એક વાત ચોક્કસ ધ્યાનમાં આવે છે કે તેમનો જન્મ, જ્ઞાન પ્રાપ્તિ અને મહાપરિનિર્વાણ એમ ત્રણેય ઘટનાઓ વૃક્ષની નીચે જ બની હતી. આપણા દેશમાં અનેક તહેવારો અને પુજા વિધિઓ પ્રકૃતિની પુજા સાથે સંકળાયેલી છે અને પ્રકૃતિ પ્રત્યેનું ખેંચાણ દરેક વ્યક્તિના જીવનનો હિસ્સો છે. પછી એ ભણેલી ગણેલી હોય, અભણ હોય, શહેરી હોય, ગ્રામીણ હોય કે પછી આદિવાસી સમાજની હોય. પણ આપણે તેને આધુનિક શબ્દોમાં આધુનિક તર્ક સાથે જોડવાની જરૂર છે."

**- નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

**મહાત્મા ગાંધીએ કહ્યું હતું કે, કુદરત માણસની જરૂરિયાતોને પૂરી કરી શકે છે, તેની લાલચને નહીં.**

લોકડાઉનના સમયમાં માત્ર ભારતમાં જ નહીં, સમગ્ર વિશ્વમાં પ્રદૂષણનાં આંકડા ઘટી ગયા હતા. ઇન્ટરનેશનલ એનર્જી એજન્સી (IEA)ના ગ્લોબલ એનર્જી રીવ્યુ, 2021 પ્રમાણે કાર્બન ડાયોક્સાઇડ (C O 2) પ્રદૂષણના સંદર્ભમાં 2020 આશ્ચર્યજનક રહ્યું. 2020માં કાર્બન ડાયોક્સાઇડનું વૈશ્વિક ઉત્સર્જન 5.8 ટકા એટલે કે લગભગ બે ગિગા ટન ઘટ્યું હતું.

## પર્યાવરણીય સંતુલનઃ આજની મોટી ચિંતા

એક જૂની કહેવત છે...પૃથ્વી સાથે સારો વ્યવહાર કરો. તેને તમારા પૂર્વજોએ નથી આપી, પણ તમાર બાળકોએ તમને ઋણ સ્વરૂપે તમને સોંપી છે.



**ગયા વર્ષે લોકડાઉન દરમિયાન આપણે પ્રકૃતિનો તદ્દન નવો ચહેરો જોયો. આપણને કુદરતનાં કેટલાંક મનોહર દ્રશ્યો જોવા મળ્યા**

માનવ સભ્યતાનો ઉદય થયો ત્યારથી માણસ પ્રકૃતિ પર અવલંબિત રહ્યો છે. 'રોટી, કપડાં, મકાન'ની પ્રાથમિક જરૂરિયાતો પ્રકૃતિ પૂરી પાડે છે. ભારતમાં તો પ્રકૃતિ સાથેનું જોડાણ વેદોના સમયથી છે. ઋષિ-મુનીઓ દ્વારા કરવામાં આવતા યજ્ઞો પાછળનું મુખ્ય કારણ વાતાવરણને સ્વચ્છ કરવાનું હતું. હડપ્પા સભ્યતા કુદરત સાથે નજીકથી સંકળાયેલી હતી. ભારત કુદરતના પાંચ તત્વો (પંચ તત્વ)- પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશને પવિત્ર માને છે અને તેમને દેવતાનો દરજ્જો આપ્યો છે. એટલાં માટે જ પ્રાચીન સંસ્કૃતિનો ઉદભવ અને વિકાસ નદી કિનારે થયો. વેદથી માંડીને શ્રીમદ ભગવદ ગીતા, કુરાન, બાઇબલ, શ્રી ગુરુ ગ્રંથ સાહિબ- તમામ ગ્રંથોમાં પર્યાવરણના રક્ષણનો સંદેશ છે. સંત કવિ તિરુવલ્લુવરના પ્રસિદ્ધ સામાજિક-આર્થિક નૈતિક ગ્રંથ 'થિરુક્કુરલ' ઉપરાંત કબીર, રહીમથી માંડીને સુમિત્રા નંદન પંત અને જયશંકર પ્રસાદ સુધીના અનેક કવિ, નાટ્યકારો, ગીતકારોએ તેમની કવિતા, ગીત અને ગઝલોમાં પર્યાવરણનો મહિમા ગાયો છે.


જો કે પ્રકૃતિનું નિરંકુશ દોહન અને તેનો વિનાશ કરવાના પ્રયાસને કારણે આજે સમગ્ર વિશ્વ જળવાયુ પરિવર્તન (ક્લાઇમેટ ચેન્જ)ની સમસ્યાનો સામનો કરી રહ્યું છે. આને કારણે અનેક કુદરતી આપત્તિઓ આવી છે, જેના ખરાબ પરિણામો આપણે વર્ષોથી ભોગવી રહ્યા છીએ.

છેલ્લાં છ મહિનાઓમાં પુર, દુકાળ, વાવાઝોડાં જેવી કુદરતી આપત્તિઓને કારણે એક કરોડથી વધુ લોકો વિસ્થાપિત થયા છે. આમાંથી 60 ટકા જેટલા લોકો એશિયાના છે. ઇન્ટરેશનલ ફેડરેશન ઓફ રેડ ક રોસ અને રેડ ક્રેસન્ટ સોસાયટીઝ (IFRC) દ્વારા જાહેર થયેલા આ આંકડા સપ્ટેમ્બર 2020થી ફેબ્રુઆરી 2021 સુધીનાં છે. આ છ મહિનાનો સમયગાળો એ હતો જેમાં કોવિડ મહામારીને પગલે મોટાં ભાગનાં દેશો અનલોકના તબક્કામાં હતા. આ સમયગાળામાં ઉદ્યોગ સહિતની પ્રવૃત્તિઓએ ફરીથી વેગ પકડ્યો હતો. ગયા વર્ષે મે મહિનમાં ત્રાટકેલા અમ્ફાન વાવાઝોડાને કારણે રૂ. એક લાખ કરોડનું નુકસાન ગયું હોવાનો અંદાજ છે.

આજે, જળવાયુ પરિવર્તન અને પર્યાવરણનું રક્ષણ વૈશ્વિક પડકાર બની ગયા છે ત્યારે ભારત આ સમસ્યાઓના ઉકેલ માટે સતત પ્રયાસરત છે. 2015ની પેરિસ કોન્ફરન્સમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિશ્વ સમક્ષ પર્યાવરણ અંગે ભારતની પ્રતિબધ્ધતા રજૂ કરી હતી. માર્ચ 2021માં સેરાવીક ગ્લોબલ એનર્જી એન્ડ એન્વાર્યનમેન્ટ સમિટને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતનું વિઝન રજૂ કરતા જણાવ્યું હતું કે, "આજે જળવાયુ પરિવર્તન અને આપત્તિઓ મુખ્ય પડકારો છે. બંને એક બીજા સાથે સંકળાયેલા છે. તેમની સામે લડવાના બે માર્ગ છે. એક છે નીતિઓ, કાયદાઓ, નિયમો અને આદેશો દ્વારા. તેનાં પોતાનાં મહત્વ છે. કેન્દ્ર સરકાર આ દિશામાં સતત પ્રયાસ કરી રહી છે. બીજો માર્ગ છે લોકોનાં વ્યવહારમાં પરિવર્તન."

## પર્યાવરણ ક્રાંતિનો પ્રારંભ

કેન્દ્ર સરકાર પર્યાવરણ સંબંધી તમામ સમસ્યાઓ ઉકેલવા માટે કામ કરી રહી છે. સરકારના એજન્ડામાં જળ,



# 'નમામિ ગંગે'થી બદલાઇ રહી છે ગંગા કિનારાની તસવીર

- સાંસ્કૃતિક અને આધ્યાત્મિક મહત્વ ધરાવતી ગંગાના કિનારાઓ પર ભારતની 50 ટકા વસતિ રહે છે
- ગંગા નદીને સ્વચ્છ કરવાના આશયથી 2014માં નમામિ ગંગે મિશન શરૂ કરવામાં આવ્યું હતું
- મિશન હેઠળ રૂ. 30,000 કરોડનાં 305 પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવ્યા છે, એમાંના અનેક પૂરા થઈ ગયા છે
- આ મિશન હેઠળ સુએઝ ટ્રીટમેન્ટ, નદી કિનારાનો વિકાસ, સ્મશાનગૃહોનું પુનઃનિર્માણ, જીવ વૈવિધ્યની જાળવણી, ઘાટની સફાઇ અને ગંગા કિનારે રૂ. 2300 કરોડનાં ખર્ચે જંગલ વિસ્તરણની કામગીરી થઈ રહી છે.
- ભારે પ્રદૂષણ ફેલાવતા અનેક ઉદ્યોગો બંધ કરવામાં આવ્યા અને ગંગામાં પડતા 130 ગટરનું પાણી હવે ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સમાં જાય છે.
- નમામિ ગંગે પ્રોજેક્ટે સાબિત કર્યું છે કે કામ મુશ્કેલ હોય છતાં મક્કમ નિર્ધારથી હંમેશા સફળતા મળે છે.

**નમામિ ગંગે યોજના હેઠળ રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ, સુએઝ ટ્રીટમેન્ટ અને જંગલ વિસ્તાર જેવા કામો પર્યાવરણની દ્રષ્ટીએ મહત્વનાં છે.**

જંગલ, જમીન અન હવામાં પ્રદૂષણ માટે જવાબદાર પરિબળો સામે પગલાં સામેલ છે, તો બીજી બાજુ, અક્ષય ઊર્જા જેવા વૈકલ્પિક ઊર્જા સ્રોત વધારવા ઝડપી પગલાં લઈ રહી છે. સ્વચ્છતા અને વન્યજીવન સંરક્ષણ કેન્દ્ર સરકારની પ્રાથમિકતાઓમાં છે, જ્યારે પરંપરાગત ઈંધણનો ઉપયોગ ઘટાડવા પર અને ઉજ્જવલા અને ઉજાલા જેવી યોજનાઓ દ્વારા કાર્બન ઉત્સર્જન ઘટાડવા પર પણ ફોકસ છે.

## સ્વચ્છ ભારત અભિયાનથી ફાયદો થયો

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 2014માં લાલ કિલ્લા પરથી સ્વચ્છ ભારત અભિયાનની જાહેરાત કરી ત્યારે ઘણાંએ તેને ગંભીરતાથી નહોતી લીધી. આ જાહેરાત કરતી વખતે તેમનાં મનમાં સ્વચ્છતા અને પર્યાવરણની ચિંતા હતી, કારણ કે બંને બાબતો સામાન્ય માણસના આરોગ્ય સાથે સંકળાયેલી છે. વડાપ્રધાનની હાકલથી લોકો અને સંસ્થાઓ આગળ આવી અને ભારતમાં પ્રથમ વાર સરકારી યોજના સામૂહિક ચળવળ બની. ત્યારથી અત્યાર સુધીમાં દેશમાં 11 કરોડથી વધુ શૌચાલયો બની ચૂક્યા છે. સફાઇના રેટિંગની અસર એ પડી કે ભારતનું દરેક શહેર હવે સફાઇમાં સ્પર્ધા કરી રહ્યું છે. ભુગર્ભ જળનાં પ્રદૂષણમાં ઘટાડો થયો તો ઘન અને પ્રવાહી કચરાના યોગ્ય મેનેજમેન્ટ દ્વારા જમીન અને હવાના પ્રદૂષણ માટે જવાબદાર પરિબળોને અંકુશમાં લાવી શકાયા. યુનિસેફના એક અહેવાલ પ્રમાણે ડાયેરિયાથી થતા મૃત્યુથી ત્રણ લાખ બાળકોને બચાવી શકાયા. પ્રતિ પરિવાર રૂ. 50,000ની બચત થઈ.

# પર્યાવરણ રક્ષણ માટેનાં સતત પ્રયાસો



## ભારત પેરિસ સંધિના લક્ષ્ય પૂરા કરવાના માર્ગે

**2030**

સુધીમાં ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનની તીવ્રતા 33થી 35 ટકા સુધી ઘટાડવાનો લક્ષ્ય. ભારતે અત્યાર સુધી 21 ટકાનો ઘટાડો કર્યો છે.

જી-20 દેશોમાં ભારત એક માત્ર દેશ છે, જે વૈશ્વિક તાપમાનને બે ટકા સુધી જ વધવા દેવાના પ્રયત્નોમાં સફળ રહ્યો હોય.

- 2030 સુધીમાં કુલ ઈંધણ વપરાશમાં બિન-અશ્મિભૂત ઈંધણનો હિસ્સો 40 ટકા કરવાના લક્ષ્યથી ભારત માત્ર બે ટકા જ દૂર છે. બિન-અશ્મિભૂત ઈંધણની ભારતની વર્તમાન ક્ષમતા (રીન્યુએબલ, લાર્જ હાઇડ્રો અને ન્યુક્લિયર સહિત) 38 ટકા છે. 2030 સુધીમાં વધારાના ફોરેસ્ટ અને ટ્રી કવર (જંગલ અને વૃક્ષોનું વિસ્તરણ) દ્વારા 2.5 થી 3 અબજ ટન કાર્બન ડાયોક્સાઇડ શોષાય તેવા પ્રયાસ છે.

**Rs 1500**

કરોડની બજેટમાં ફાળવણી-નેશનલ હાઇડ્રોજન મિશન હેઠળ ઊર્જાના વૈકલ્પિક સ્રોત વિકસાવવા

**15%**

દેશમાં 2030 સુધીમાં નેચરલ ગેસનો હિસ્સો વધારવાનું ભારતનું લક્ષ્ય. વન નેશન-વન ગેસ ગ્રિડ આ લક્ષ્ય હાંસલ કરવામાં મદદ કરશે


- ભારતે નિર્ધાર કર્યો છે કે 2030 સુધીમાં વીજ ઉત્પાદનની 40 ટકા સ્થાપિત ક્ષમતા ઊર્જાના સ્વચ્છ સ્રોત પર આધારિત હશે.
- સ્વચ્છ ઊર્જાને પ્રોત્સાહન આપવા માટે સરકારે આગામી પાંચ વર્ષમાં 5,000 પ્લાન્ટ્સનું બાંધકામ કરીને કૃષિ કચરામાંથી બાયો સીએનજીનું ઉત્પાદન કરવાની સ્કીમ લોંચ કરી છે. આ પ્લાન્ટથી કૃષિ કચરાને બાળવાની સમસ્યા દૂર કરવામાં મદદ મળશે એટલું જ નહીં, ખેડૂતોને આર્થિક લાભ પણ થશે.
- GOBAR-DHAN સ્કીમ હેઠળ ખેડૂતો પાસેથી છાણ અને પાકના કચરાને વાજબી ભાવે ખરીદવામાં આવશે અને તેમાંથી કમ્પોસ્ટ, બાયોગેસ કે બાયો સીએનજી બનાવાશે. આનાથી ગામડાં સ્વચ્છ રહેશે અને ખેડૂતોની આવક પણ વધશે.
- નવી અને અક્ષય ઊર્જા મંત્રાલય (M N R E) દેશમાં બાયોમાસમાંથી વીજ ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે કેટલાંક કાર્યક્રમો પર અમલ કરી રહી છે. તેનો હેતુ શેરડીના કૂચા, ચોખાના ફોતરાં, પરાળ, કપાસની દાંડી જેવા બાયોમાસ સ્રોતનો ઉપયોગ કરીને વીજળીનું ઉત્પાદન કરવાનો છે.

### ઉજાલાએ કાર્બન પ્રદૂષણ ઘટાડવામાં મદદ કરી, રસોડાં ધુમાડામુક્ત બનાવવામાં મદદરૂપ

ભારત 2038 સુધીમાં તેની ઊર્જા જરૂરિયાતોમાં (વીજળી માગ વધવા પાછળનું સૌથી મોટું કારણ) 25થી 40 ટકા સુધીનો ઘટાડો કરવા માગે છે. આ હેતુસર 2016માં ઉજાલ સ્કીમ શરૂ કરવામાં આવી હતી. તેનો હેતુ જૂના પરંપરાગત બલ્બની જગ્યાએ નવા એલઇડી લગાવવાનો હતો કારણ કે ભારતની કુલ ઊર્જા વપરાશમાં 20 ટકા હિસ્સો આ બલ્બનો છે. આ માટે શહેરોમાં અડધા ભાવે એલઇડી બલ્બ પૂરા પાડવામાં આવ્યા હતા અને એલઇડી સ્ટ્રીટ લાઇટ્સ નાખવામાં આવી હતી. ઉજાલા સ્કીમ હેઠળ અત્યાર સુધીમાં 36.73 કરોડ એલઇડી બલ્બ વિતરીત કરવામાં આવ્યા છે. અત્યાર સુધી 80 લાખ ટન કાર્બન ડાયોક્સાઇડનું ઉત્સર્જન ઘટ્યું છે. એક વર્ષમાં વીજ વપરાશમાં 47,000 kWથી વધુનો ઘટાડો થયો છે અને દર વર્ષે સરેરાશ રૂ. 19,000 કરોડથી વધુની બચત થાય છે. હવે સરકારે 'ગ્રામ ઉજાલા' સ્કીમ શરૂ કરી છે, જેમાં તમામ ગામડાંમાં માત્ર રૂ. 10માં નવા એલઇડી બલ્બ પૂરા પાડવામાં આવે છે. ઉજ્જવલા જેવી મહત્વની યોજનાને કારણે દેશનાં 99.6 ટકા ઘરોમાં એલપીજી ગેસની સુવિધા પહોંચી ગઈ છે, જ્યારે સ્વતંત્રતાના પ્રથમ છ દાયકામાં કુલ 55 ટકા ઘરોમાં જ આ સુવિધા હતી. આને કારણે કેરોસિન અને લાકડાં જેવા પરંપરાગત ઈંધણનો ઉપયોગ બંધ થઈ ગયો છે અને રસોડાંમાં હવા પ્રદૂષણથી આરોગ્યને થતું જોખમ પણ દૂર થયું છે.



**છેલ્લાં ચાર વર્ષમાં જંગલ વિસ્તાર 13,000 કિમી વધ્યો. 2017ની સરખામણીમાં તેમાં 5188 ચોરસ કિમીનો વધારો થયો છે.**



### કેમિકલ બેટરી

કેબિનેટે પીએલઆઇ સ્કીમ 'નેશનલ પ્રોગ્રામ ઓન એડવાન્સ્ડ કેમિસ્ટ્રી સેલ બેટરી સ્ટોરેજ' ને મંજૂરી આપી. તેનાથી ઓઇલની આયાત ઘટશે, પરિણામે રૂ. 2,50,00 કરોડની બચત થશે



### ફ્રેમ ઇન્ડિયા, BS-VI

ફ્રેમ ઇન્ડિયાને કારણે આપણે પ્રતિ દિન 52,794 લિટર ઇંધણની બચત કરીએ છીએ. 20,05,91,605 કિલો કાર્બન ડાયોક્સાઇડ ઉત્સર્જન ઘટ્યું છે.



### વન્યજીવન સંરક્ષણના પ્રયાસો

પ્રોજેક્ટ એલિફન્ટ, વલ્ચર કન્ઝર્વેશન એક્શન પ્લાન, પ્રોજેક્ટ ડોલ્ફિન, નેશનલ મેરિટાઇમ ટર્ટલ એક્શન પ્લાન, પ્રોજેક્ટ સ્નો લેપર્ડ, ઇન્ડિયન રાઇનો વિઝન જેવાં સંરક્ષણ કાર્યક્રમોમાં ઓછામાં ઓછાં 22 વન્યજીવોને સામેલ કરવામાં આવ્યા છે

- દેશનાં 21 રાજ્યોમાં 26,694 MW ક્ષમતા ધરાવતા 47 સોલર પાર્ક્સ સ્થપાઈ રહ્યા છે. કર્ણાટક, ગુજરાત અને મધ્યપ્રદેશના રેવામાં સોલર પાર્ક્સ સ્થાપવામાં આવી રહ્યા છે
- વાહનોમાંથી નીકળતા ધુમાડામાં કાર્બનનું પ્રમાણ ઘટાડવા પેટ્રોલમાં ઇથેનોલનું મિશ્રણ કરવામાં આવે છે. આવું કરનાર ભારત બ્રાઝીલ પછીનો બીજો દેશ છે
- 2014 સુધીમાં પેટ્રોલમાં પાંચ ટકા મિશ્રણ કરવાનું લક્ષ્ય હતું, છતાં એક ટકા જ થતું હતું. તેને વધારીને 8.5 ટકા કરવામાં આવ્યું છે. 2022 સુધીમાં પેટ્રોલમાં ઇથેનોલનું મિશ્રણ વધારીને 10 ટકા અને 2030 સુધીમાં 20 ટકા કરવામાં આવશે
- વિશ્વમાં વાઘની કુલ વસતિના 70 ટકા ભારતમાં છે. ભારતમાં ચિત્તાની સંખ્યામાં 60 ટકાનો વધારો થયો છે. ડિસેમ્બર, 2020ની સ્થિતિએ ભારતમાં 12,852 ચિત્તા હતા
- કૃષિમાં પાણીની બચત કરવા 'પર ડ્રોપ મોર ક્રોપ' અને ટપક સિંચાઇ જેવી પહેલ હાથ ધરવામાં આવી હતી. ખેતર, તળાવ અને સરકારી મકાનોમાં 'રેઇનવોટર હાર્વેસ્ટિંગ'ને ફરજિયાત કરીને 'કેચ ધ રેઇન' ઝુંબેશ શરૂ કરવામાં આવી
- જલ જીવન મિશન-અર્બન અંતર્ગત નળ જોડાણની સાથે 500 'અમૃત' શહેરોમાં પ્રવાહી કચરાના સંચાલન પર ભાર મૂકવામાં આવી રહ્યો છે.

આમ, ઉજ્જવલાને કારણે ધુમાડામુક્ત રસોડાં દ્વારા આરોગ્ય અને પર્યાવરણ બંને મોરચે સફળતા મળી છે.

## એર ક્વોલિટી સુધરી

વિજ્ઞાનને માનવજાત માટે સૌથી મોટું વરદાન ગણવામાં આવે છે, જ્યારે આ આશીર્વાદ પ્રદૂષણનાં રૂપમાં અભિશાપ બની રહ્યો છે. યુએનના અહેવાલ પ્રમાણે, વિશ્વનાં સૌથી પ્રદૂષિત 15માંથી 14 શહેરો ભારતમાં છે. હવા પ્રદૂષણની સમસ્યાને ડામવા માટે કેન્દ્ર સરકારે જાન્યુઆરી, 2019માં નેશનલ ક્લિન એર પ્રોગ્રામ શરૂ કર્યો હતો. પાંચ વર્ષની આ યોજનાનો હેતુ 2024 સુધીમાં PM2.5 અને PM10 કોન્સન્ટ્રેશનમાં 20થી 30 ટકા ઘટાડો કરવાનું લક્ષ્ય છે. પ્રારંભમાં 102 શહેરોમાં શરૂ કરવામાં આવેલી આ યોજના 122 શહેરોમાં વિસ્તારવામાં આવી છે. દેશભરમાં હવા પ્રદૂષણ અને પરાળના પ્રદૂષણનુ સંચાલન પણ આ કાર્યક્રમનો હિસ્સો છે. આને પરિણામે, ભારતમાં સારી ગુણવત્તાની હવા ધરાવતા દિવસોની સંખ્યા 2016માં 106થી વધીને 2018માં 218 અને નબળી ગુણવત્તાની હવા ધરાવતા દિવસોની સંખ્યા 156થી ઘટીને 56 થઈ છે. પ્રદૂષણ સામે જનભાગીદારી વધારવા માટે 'સફર' અને 'સમીર' એપ પણ લોંચ કરવામાં આવી છે.

## ઇલેક્ટ્રિક વ્હિકલ્સને પ્રોત્સાહન

વિવિધ સંસ્થાઓના અહેવાલો સૂચવે છે કે દેશમાં 61 ટકા હવા પ્રદૂષણ વાહન પ્રદૂષણને કારણે થાય છે. આ બાબત




# સૌર ઊર્જાઃ ભવિષ્યનાં વિશ્વનું સારથી બની રહ્યું છે ભારત

**જળવાયુ પરિવર્તન અને કાર્બન ઉત્સર્જનને કારણે પર્યાવરણને થઈ રહેલા નુકસાનને હરિત ઉર્જા (ગ્રીન એનર્જી) દ્વારા ઘટાડવા ઇન્ટરનેશનલ સોલર એલાયન્સ (SIA) એક મહત્વની પહેલ છે. ભારતની પહેલથી રચવામાં આવેલા આ સંગઠનમાં 121થી વધુ દેશો જોડાયા છે. પેરિસ ક્લાઇમેટ કોન્ફરન્સ દરમિયાન 30 નવેમ્બર, 2015નાં રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અન ફ્રાન્સના તત્કાલીન પ્રમુખ ફ્રાન્કોઇસ ઓલાન્દેએ સંયુક્ત રીતે આ સંગઠન લોંચ કર્યું હતું. ISAની રચના બદલ અને વિશ્વને સ્વચ્છ પર્યાવરણ અંગે માર્ગદર્શન આપવા બદલ યુનાઇટેડ નેશન્સે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને 'ચેમ્પિયન્સ ઓફ ધ અર્થ' એવોર્ડ અર્પણ કર્યો હતો.**

- ભાવિ જરૂરિયાતો પૂરી કરવા અક્ષય ઊર્જા મહત્વનો સ્રોત સાબિત થશે. આ બાબતને ધ્યાનમાં રાખતા ભારતે 2009માં નેશનલ સોલર મિશન શરૂ કર્યું હતું.
- 2022 સુધીમાં 20 GW સૌર ઊર્જા ક્ષમતા હાંસલ કરવાનું લક્ષ્ય છે. પર્યાવરણ પ્રત્યે વર્તમાન સરકારની પ્રતિબધ્ધતા અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દીર્ઘદ્રષ્ટિને પરિણામે 2015માં આ લક્ષ્યાંક પાંચ ગણો વધારીને 100 GW કરવામાં આવ્યો હતો.
- સરકારે 2022 સુધીમાં 175 GW અક્ષય ઊર્જા ક્ષમતાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. આમાંથી, 60 GW પવન ઊર્જા, 100 GW સૌર, 10 GW બાયોમાસ ઊર્જા અને 5 GW સ્મોલ હાઇડ્રો પાવર પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે.
- છેલ્લાં છ વર્ષોમાં ભારતે વિશ્વના મોટાં અર્થતંત્રોની સરખામણીમાં અક્ષય ઊર્જા ઉત્પાદનમાં સૌથી ઝડપી વૃધ્ધિ નોંધાવી છે. કુલ ઊર્જા વપરાશમાં અક્ષય ઊર્જાનો હિસ્સો 24 ટકાથી વધુ છે
- કિસાન ઉર્જા સુરક્ષા એવં ઉત્થાન મહાભિયાન (PM-Kusum) સ્કીમ જુલાઇ 2018માં શરૂ કરવામાં આવી હતી. તેનો હેતુ ઉજ્જડ જમીન પર સોલર પાવર પ્રોજેક્ટ સ્થાપીને ખેડૂતોને વધારાની આવક પૂરી પાડવાનો હતો.
- આ યોજના દ્વારા ખેડૂત તેની ઉજ્જડ જમીન પર કુલ ખર્ચના માત્ર 10 ટકા ખર્ચમાં જ સોલર પાવર પ્લાન્ટ્સ સ્થાપી શકે છે. આ પ્લાન્ટમાં પેદા થનારી વીજળી નજીકનાં ગ્રિડ દ્વારા ખરીદવામાં આવશે
- સામાન્ય માણસ પણ સબસિડી મેળવીને તેનાં ઘરની કે બિલ્ડિંગની ઉપર સોલર પાવર પ્લાન્ટ લગાવી શકે છે. કેન્દ્ર સરકાર દેશમાં જ સોલર પેનલનાં ઉત્પાદનને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરી રહી છે
- અગાઉ, 90 ટકા ઉપકરણોની આયાત ચીન અને મલેશિયાથી થતી હતી. મેક ઇન ઇન્ડિયા હેઠળ સોલર પીવી સેલ્સ અને પીવી મોડ્યુલ્સનું ઉત્પાદન દેશમાં જ કરવા પર ભાર મૂકવામાં આવે છે.

ધ્યાનમાં લઈને સરકારે ઇલેક્ટ્રિક વ્હિકલ્સના પ્રસાર અને દેશમાં તેના ઉત્પાદન માટે નેશનલ ઇલેક્ટ્રિક મોબિલિટી મિશન પ્લાન હેઠળ ફાસ્ટર એડોપ્શન એન્ડ મેન્યુફેક્ચરિંગ ઓફ હાઇબ્રિડ એન્ડ ઇલેક્ટ્રિક વ્હિકલ્સ ઇન ઇન્ડિયા (FAME India) સ્કીમ શરૂ કરી. તેનો પ્રથમ તબક્કો 31 માર્ચ, 2019નાં રોજ પૂરો થયો હતો. બીજો તબક્કો 1 એપ્રિલ, 2019નાં રોજ શરૂ થયો હતો અને 31 માર્ચ, 2022 સુધીમાં પૂરો થશે. સરકારનું લક્ષ્ય છે કે ભારત તેની આઝાદીના 75માં વર્ષની ઉજવણી કરતું હશે ત્યારે રોડ પર ફરતા વાહનોમાં ઇ-વ્હિકલ્સનું પ્રમાણ મહત્તમ હોય, જેથી પ્રદૂષણ ઘટાડી શકાય, લોકોને આર્થિક લાભ થાય અને તેમનું આરોગ્ય પણ સચવાય.

# “ભારતની મૂળ જીવનશૈલી અને જીવન ધારણા એ છે કે પ્રકૃતિ અને માનવનું સહ અસ્તિત્વ છે”



**જીવન માટે પર્યાવરણ મહત્વનું છે કારણ કે પ્રકૃતિ જ આપણી જીવનશૈલીને સંચાલિત કરે છે. ઉગતો સુરજ, વહેતી નદી, પશુ-પક્ષીઓ, વૃક્ષો, બાગ-બગીચા, જીવ જગત, આ તમામ આપણી સાથે અસ્તિત્વ ધરાવે છે.**

**વિશ્વ પર્યાવરણ દિવસ (5 જૂન) પ્રસંગે કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રી પ્રકાશ જાવડેકર આપણા માટે પ્રકૃતિનું કેટલું મહત્વ છે તે સમજાવે છે...**

મનુષ્ય, વનસ્પતિ, પશુ-પક્ષી, બધાં સાથે રહે છે એ પ્રકૃતિની વિશેષતા છે. તેઓ એકબીજાના પુરક છે. મનુષ્ય અને તમામ પ્રાણીઓ ઓક્સિજન લે છે અને કાર્બન ડાયોક્સાઇડનું ઉત્સર્જન કરે છે. જ્યારે વૃક્ષો કાર્બન ડાયોક્સાઇડ શોષી લે છે અને ઓક્સિજન છોડે છે. કુદરતનો આ એકબીજાને પુરક હોવાનો સિધ્ધાંત છે. ભારતમાં 24 ટકા ટ્રી કવર છે, જે સતત વધી રહ્યું છે. છેલ્લાં સાત વર્ષોમાં ટ્રી કવર 15,000 સ્કવેર કિલોમીટર વધ્યું છે અને હવે તે જન આંદોલનમાં પરિવર્તિત થઈ ગયું છે. જન આંદોલનને કારણે દર વર્ષે કરોડો વૃક્ષ લગાવવામાં આવે છે અને મોટી માત્રામાં તેનું રક્ષણ થતું હોવાથી તે જીવતાં રહે છે. અમે એક નવી વ્યવસ્થા બનાવી રહ્યા છે, જેમાં વિકાસ પ્રોજેક્ટ માટે જંગલની જમીન આપવી પડે તો તેનાં બદલામાં બીજી જમીન પર જંગલ ઉગાડવામાં આવશે. દર વર્ષે તેમાં કેટલી વૃધ્ધિ થઈ રહી છે તેનું અમે ઇલેક્ટ્રોનિક મોનિટરીંગ કરીશું અને તેની વિગતો જાહેર કરવામાં આવશે. દર બે વર્ષે સર્વેક્ષણ કરવામાં આવે છે જેમાં દેશના ટ્રી કવરમાં સતત વધારો થઈ રહ્યો છે.

જીવ વૈવિધ્યની દ્રષ્ટિએ ભારત વિશ્વમાં મોખરાના દેશોમાં છે. ભારતમાં ઇકોલોજીકલ જીવ વૈવિધ્યતા સૌથી વધુ છે. ભારતમાં વિશ્વનો માત્ર અઢી ટકા ભૌગોલિક વિસ્તાર અને ચાર ટકા વરસાદ છે, તેની સામે વિશ્વની 18 ટકા વસતિ છે. સાથે પશુ-પક્ષીઓ પણ માનવી સાથે સહ-અસ્તિત્વ ધરાવે છે. તેમને પણ જમીન, પાણી અને ખોરાક જોઇએ. છતાં પણ ભારતમાં વિશ્વનું 8 ટકા જીવ વૈવિધ્ય છે. વિશ્વના 70 ટકા વાઘ, 70 ટકા એશિયાઇ સિંહ, 30,000થી વધુ હાથી, 3,000થી વધુ એક શિંગડા વાળા ગેંડા ભારતમાં છે. આ બધું ભારતમાં જીવ સૃષ્ટિ અને જીવ વૈવિધ્ય સારાં હોવાનું પ્રમાણ છે. ભારતમાં ટ્રી કવર વધી રહ્યું છે અને જીવ વૈવિધ્યતા મજબૂત થઈ રહી છે. વાઘ-સિંહની સંખ્યા વધી રહી છે, હાથી અને ગેંડાની સંખ્યા વધી રહી છે.

પ્રકૃતિ અને માનવ સાથે સાથે જીવશે એ ભારતની મૂળ જીવનશૈલી અને જીવન ધારણા છે. તમામ પ્રાણી, વન્યજીવ, પક્ષીઓ, વનસ્પતિ, ફુલોનું એક સાથે જીવન છે. કદાચ ભારત એક માત્ર દેશ છે, જ્યાં વૃક્ષોની, પ્રાણીઓની, સાપની પણ પુજા થાય છે. તેમનાં માટે અલગથી તહેવારો મનાવવામાં આવે છે. હજારો વર્ષો પહેલાં દરેક ગામમાં રિઝર્વ ફોરેસ્ટ બનતા હતા, જ્યાં પશુને ચરવા માટે લઇ જવાની કે ઝાડ કાપવાની મનાઇ હતી. તે ગામનું વન કહેવાતું હતું. પ્રકૃતિ અને મનુષ્યને એક રૂપમાં જોવાની આપણી જીવનશૈલી જ ભારતનાં વધતા જીવ વૈવિધ્ય અને ટ્રી કવરનું રહસ્ય છે. ●

## સાતત્યપૂર્ણ જીવન માટેની પ્રેરણા



આજે દરેકને એસી, ફ્રીજ જેવી સુવિધા સાથેનાં મોટાં ઘર જોઈએ છે. પણ આ ઉપકરણો પ્રકૃતિ માટે નુકસાનકારક છે. આ સ્થિતિમાં, આપણે તામિલનાડુના પોલ્લાચીના ગામમાં રહેતા રામચંદ્રન સુબ્રમણિયન પાસેથી પ્રેરણા લેવી જોઇએ. વિદેશમાં આઠ વર્ષ રહીને તેઓ સ્વેદેશ પાછા ફર્યા ત્યારે તેઓ કુદરતના સાનિધ્યમાં રહેવા માગતા હતા. તેથી બેંગલુરુ સ્થિત સંસ્થા 'ગ્રામ વિદ્યા'માં તાલીમ લેવા ગયા, ત્યાં તેઓ પરંપરાગત અને પ્રકૃતિને અનુકુળ રીતે ઘર બનાવતા શીખ્યા. તેમણે પોતાના ગામની માટીમાંથી ઘર બનાવ્યું. પ્રયોગશાળામાં ચકાસણી કરતાં જાણવા મળ્યું કે બ્લોક્સ બનાવવા માટે માટીમાં 9 ટકા સિમેન્ટ મિક્સ કરી શકાય, જેનાંથી ચણતર થઈ શકે. આ મિક્સ્ચરથી રૂમ ઠંડા રહે છે. તેમણે ફ્લોરિંગ માટે હસ્તનિર્મિત ટાઇલ્સનો ઉપયોગ કર્યો, જેને લાઇમસ્ટોન દ્વારા ચોંટાડી. તેમનાં ઘરનો વચ્ચેનો હોલ 16 ફુટ ઊંચો છે, અને અન્ય રૂમ 11 ફુટ ઊંચા રાખ્યા છે. રૂમની દિવાલોમાં હવા ઉજાસ માટે કાણાં પાડવામાં આવ્યાં છે. ઘરની આસપાસ આશરે 800 વૃક્ષો વાવવામાં આવ્યા છે, જે તાજી અને ઠંડી હવા આપે છે. જો બહારનું તાપમાન 40 ડિગ્રી હોય તો અંદરનુ તાપમાન 28 ડિગ્રીથી વધુ નથી હોતું. ઘરમાં એસી તો ઠીક, પંખાની પણ જરૂર નથી પડતી. વીજળી માટે સોલર પેનલ અને પાણી માટે રેઈન વોટર હાર્વેસ્ટિંગની સગવડ કરવામાં આવી છે.

**ક્લાઇમેટ ચેન્જ પર્ફોમન્સ ઇન્ડેક્સ 2021માં ભારત ટોચના 10 દેશોમાં સ્થાન પામે છે. 2014માં તે 31માં ક્રમે હતું.**

### પ્રદૂષણ ડામવા ઈંધણના બીએસ નિયમો

યુએનના અહેવાલ પ્રમાણે દર વર્ષે વિશ્વમાં આશરે 70 લાખ લોકો હવા પ્રદૂષણથી મૃત્યુ પામે છે. ભારતમાં હવા પ્રદૂષણને ડામવાના હેતુથી કેન્દ્ર સરકારે બીએસ નિયમો લાગુ કર્યા છે. ભારતમાં પ્રથમ વાર 1991માં પ્રદૂષણના નિયમો લાગુ પાડવામાં આવ્યા હતા, પણ તે માત્ર પેટ્રોલ વાહનો માટે જ લાગુ હતા. બીએસ ધોરણો 2002માં શરૂ કરવામાં આવ્યા હતા. ત્રણ વર્ષ પછી 2005માં બીએસ- II અને 2006માં BS-III લાગુ પાડવામાં આવ્યા. BS-IV ધોરણો 2010માં લાગુ કરવામાં આવ્યા હતા. પણ પ્રદૂષણનાં વધતા જતા જોખમને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે પર્યાવરણ સ્વચ્છ રાખવાના હેતુથી એપ્રિલ, 2020થી બીએસ IV પછી સીધા બીએસ VI નિયમો લાગુ કર્યા હતા.

### કોવિડે યોગ અને આયુર્વેદનું મહત્વ સમજાવ્યું

દેશ જ્યારે કોવિડ સામે લડી રહ્યો હતો ત્યારે કુદરતે પણ પોતાનો કાયાકલ્પ કર્યો હોય તેમ લાગ્યું. એ સમયે, તમામ મિડિયા પ્લેટફોર્મ્સ પર કુદરતી દ્રશ્યોની નયમરમ્ય તસવીરો અને વિડિયો હૃદયને ટાઢક આપતા હતા. એટલું જ નહીં, જ્યારે કોરોના માટે કોઈ દવા ઉપલબ્ધ નહોતી ત્યારે (અને હવે રસી શોધાયા પછી પણ) લોકો ભારતની સદીઓ જૂની પરંપરા આયુર્વેદ અને યોગ તરફ વળ્યા છે. આ મહામારીએ આપણને શીખવ્યું છે કે કુદરત, પર્યાવરણ અને આયુર્વેદનું પરંપરાગત જ્ઞાન આપણને મજબૂત કરે છે અને રોગપ્રતિકારક શક્તિને વધારે છે. વિશ્વએ પણ ભારતની આ ભવ્ય સમૃધ્ધ પરંપરાને અપનાવી છે. એક સમયે આયુર્વેદને ઓછું આંકવામાં આવતું હતું, પણ હવે લોકોને તેનું મહત્વ સમજાયું છે.

પૃથ્વી એક માત્ર એવો ગ્રહ છે જ્યાં જીવન છે. તેથી, આપણે હંમેશા પ્રકૃતિ, પર્યાવરણ અને આબોહવાના ઋણી રહેવું જોઇએ, કારણ કે આપણું અસ્તિત્વ તેના પર અવલંબે છે. પર્યાવરણ સ્વસ્થ રહેશે તો જ આપણે સ્વસ્થ રહી શકીશું. 21મી સદીમાં વિજ્ઞાન અને ટેકનલોજીના આ યુગમાં લોકોને જંગલ, નદીઓ, તળાવો અને પર્વતોનું મહત્વ સમજાયું છે. પર્યાવરણ પ્રત્યે આપણી પણ જવાબદારી છે, જેને પૂરી કરવાની છે. ●

# પર્યાવરણ સંરક્ષણની
## દિશામાં વધુ એક પગલું


**ભારતમાં ઇ-વ્હિકલ્સની બેટરીનું ઉત્પાદન નહોતું થતું. આને કારણે સૂર્યાસ્ત પછી સૌર ઊર્જાનો ઉપયોગ કરવામાં મુશ્કેલી પડતી હતી. પણ હવે 'મેક ઇન ઇન્ડિયા' હેઠળ ઇ-વ્હિકલ્સ બેટરી અંગેનો રાષ્ટ્રીય કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે, જેથી ભારત આ ક્ષેત્રમાં પણ આત્મનિર્ભર બની શકે...**

સૌર ઊર્જા ઉત્પાદનમાં ભારત સતત આગળ વધી રહ્યું છે. પણ સૌર ઊર્જાનો ઉપયોગ દિવસે જ થઈ શકે છે. આ સ્થિતિમાં ગ્રીડ બેલેન્સિંગ જરૂરી છે. જો બેટરી સ્ટોરેજ હોય તો આ કામ સરળ બની જાય અને તેનાથી જનજીવન, રેલવેઝ, શિપિંગ વગેરેમાં ક્રાંતિ આવી જશે. તેને ડિઝલ જનરેટર ઉદ્યોગમાં બેકઅપ તરીકે પણ ઇન્સ્ટોલ કરી શકાય છે. ધાબા પર લગાવેલી સોલર પેનલ રાત્રે વીજળી પેદા નથી કરતી, તેથી બેટરી સ્ટોરેજથી તે શક્ય બનશે. મતલબ, બેટરી સ્ટોરેજ જીવનના તમામ ક્ષેત્રોમાં કામ સરળ બનાવશે.

આ હેતુથી કેન્દ્ર સરકારે 12 મેનાં રોજ એક મહત્વનું પગલું લીધું. કેબિનેટે એડવાન્સ કેમિસ્ટ્રી સેલ બેટરીઝના ઉત્પાદનને પ્રોત્સાહન માટે રૂ. 18,100 કરોડની પીએલઆઇ સ્કીમ 'નેશનલ પ્રોગ્રામ ઓન એડવાન્સ્ડ કેમિસ્ટ્રી સેલ (ACC) બેટરી સ્ટોરેજ'ને મંજૂરી આપી. ACCના ઉત્પાદનથી ઇલેક્ટ્રિક વ્હિકલની માગ વધશે, જે ઓછું પ્રદૂષણ કરે છે. ભારત અક્ષય ઊર્જા પર વિશેષ ભાર મૂકીને વિવિધ કાર્યક્રમો ચલાવી રહ્યું હોવાથી દેશમાં ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન ઘટાડવામાં ACC પ્રોગ્રામ મહત્વનું પ્રદાન કરશે. જળ વાયુ પરિવર્તન સામે પગલાં લેવાની ભારતની પ્રતિબધ્ધતામાં પણ તે ઉપયોગી નીવડશે. આ નવી પહેલથી ઇલેક્ટ્રિકલ વ્હિકલ્સ અને ઇ-મોબિલિટીને પણ પ્રોત્સાહન મળશે. ટુ વ્હિલર્સ, થ્રી વ્હિલર્સ, ફોર વ્હિલર્સ ઉપરાંત ભારે વાહનો પણ બેટરીનો ઉપયોગ કરી શકશે. ઝડપથી ચાર્જ થતી અને લાંબા સમય સુધી ચાલતી આ બેટરી સમયની માગ છે. અગાઉ ભારતમાં તેનું ઉત્પાદન નહોતું થતું.

**બેટરી સ્ટોરેજ ટેકનોલોજી**

ACC એ અત્યાધુનિક એડવાન્સ્ડ સ્ટોરેજ ટેકનોલોજી છે, જે ઇલેક્ટ્રોકેમિકલ્સ અથવા કેમિકલ એનર્જી તરીકે ઇલેક્ટ્રિક ઊર્જાને સ્ટોર કરે છે અને તેને જરૂર પડ્યે પાછી ઇલેક્ટ્રિક એનર્જીમાં પરિવર્તિત કરે છે. કન્ઝ્યુમર ઇલેક્ટ્રોનિક્સ, ઇલેક્ટ્રિક વ્હિકલ્સ, એડવાન્સ્ડ ઇલેક્ટ્રિસિટી ગ્રિડ, સોલર રૂફટોપ સૌથી વધુ બેટરી વપરાશ કરતા સેક્ટર્સ છે. આગામી વર્ષોમાં તેમાં મજબૂત વૃધ્ધિ થવાની સંભાવના છે. એવી સંભાવના વ્યક્ત કરવામાં આવે છે કે પ્રભુત્વ ધરાવતી બેટરી ટેકનોલોજી વિશ્વનાં સૌથી મોટા વૃધ્ધિલક્ષી ક્ષેત્રો પર અંકુશ ધરાવશે. ●



## સ્વચ્છ ઊર્જાની દિશામાં મહત્વની પહેલ

- રૂ. 18,100 કરોડની સ્કીમમાં 50 ગિગા વોટ અવર (GWh) એસીસી અને પાંચ (GWh) એસીસીની ઉત્પાદન ક્ષમતા. GWh એ ઊર્જાનું એકમ છે, જે એક કલાકમાં એક અબજ વોટ ઊર્જાનું ઉત્પાદન સૂચવે છે.
- ACC બેટરી સ્ટોરેજ મેન્યુફેક્ચરિંગ પ્રોજેક્ટ્સમાં રૂ. 45,000 કરોડનું સીધું રોકાણ
- ઓઇલની આયાતનું બિલ ઘટવાથી રૂ. 2,50,000 કરોડની ચોખ્ખી બચત. દર વર્ષે લગભગ રૂ. 20,000 કરોડની આયાત ઓછી થશે
- તેનાથી ઉદ્યોગોને વેગ મળશે, સ્થાનિક અને વિદેશી રોકાણ આવશે, રોજગારી વધશે. ઇંધણની આયાતમાં પણ ઘટાડો થશે
- આ ઉપરાંત સ્ટાર્ટ અપ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ અને તેની ક્ષમતા વધારનારા માટે પણ તે આ વિશેષ પ્રોત્સાહન યોજના છે
- ભારતે શૂન્ય પ્રદૂષણ કરતા વાહનો માટે મોટો કાર્યક્રમ શરૂ કર્યો છે. તમામ ઇ-વ્હિકલ્સ માટે દેશમાં ચાર્જીંગનું માળખું ઊભું કરવામાં આવી રહ્યું છે. કોલસા સળગાવવાથી કાર્બન વધે છે, પણ બેટરી સ્ટોરેજને કારણે કોલસાનો ઉપયોગ ઘટશે.

**પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન**




# સલામત માતા, સલામત બાળક

सर्वे भवन्तु सुखि नः सर्वे सन्तु नि रामयाः। सर्वे भद्राणि पश्यन्तु मा कश्चि द् दुःखभाग्भवे त्।

**મતલબ કે બધાં સુખી થાય, બધાં સ્વસ્થ રહે, બધાં મંગળકારી ઘટનાઓના સાક્ષી બને અને કોઇના પર પણ દુઃખ ના આવે. આ મંત્રને ધ્યાનમાં રાખીને સંવેદનશીલ સરકાર માટે સગર્ભા મહિલાનું આરોગ્ય ટોચની પ્રાથમિકતા છે. પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન લાખો મહિલાઓ અને નવજાત શિશુઓ માટે આશીર્વાદ સમાન પુરવાર થઈ છે.**

"અમારી પાસે ખાનગી હોસ્પિટલમાં જઇને કન્સલ્ટ કરાવવાના પૈસા નથી. પણ પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાનથી મને ઘણો લાભ થયો છે," રાજસ્થાનના બિકાનેરનાં ચંદા કહે છે. સિકરમાં રહેતાં શુભિતા પણ આ કાર્યક્રમને ગરીબો માટે અત્યંત મદદરૂપ ગણાવે છે. બિહારના મંજુ દેવી અને બબિતા દેવી કહે છે કે આરોગ્ય કેન્દ્ર ખાતે ટેસ્ટીંગ સુવિધા અને દવાઓ ઉપલબ્ધ છે અને આંગણવાડી વર્કર (ASHA) પણ ઘરે આવીને પોષણ અને આહાર અંગે સૂચનો આપે છે.

પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન ગ્રામીણ મહિલાઓ માટે જીવનદાયિની પુરવાર થયું છે અને સંસ્થાકીય પ્રસવને પ્રોત્સાહન મળી રહ્યું છે. દેશમાં દર વર્ષે ત્રણ કરોડ મહિલાઓ ગર્ભ ધારણ કરે છે. ગામડાંમાં પૂરતી કાળજી અને ડોક્ટરના અભાવે અગાઉ સગર્ભા મૃત્યુદર અને બાળ મૃત્યુદર ઘણો ઊંચો હતો, જે હવે ઘટી રહ્યો છે. દર મહિનાની નવમી તારીખે સગર્ભા મહિલાની મફત તપાસની સુવિધાથી માતા અને નવ મહિના બાદ નવજાત શિશુ બંનેનું સ્વાસ્થ્ય સારું રહે છે. આ યોજન હેઠળ નિશ્ચિત સરકારી આરોગ્ય કેન્દ્ર ખાતે ગર્ભાવસ્થાના બીજા અને ત્રીજા ત્રિમાસિક ગાળામાં દર મહિનાની નવ તારીખે ગર્ભાવસ્થાની તપાસ કરવામાં આવે છે. બ્લોક લેવલ અને તેનાથી ઉપરના સ્થળોએ હોસ્પિટલમાં ડોક્ટરના નીરિક્ષણ હેઠળ તપાસ કરવામાં આવે છે. આ યોજનામાં આશા વર્કર્સ મહત્વની ભૂમિકા ભજવે છે. બિહારના પૂર્ણિયાની આશા વર્કર ગાયત્રી દેવી કહે છે, "હાઇ રિસ્ક કેટેગરીમાં આવતી મહિલાઓને અલગ સુવિધા આપવામાં આવે છે અને હેલ્થ સેન્ટરમાં પ્રસૂતિ કરાવવાનો આગ્રહ રાખવામાં આવે છે. જિલ્લાથી માંડીને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તમામ સગર્ભા મહિલાઓની સંપૂર્ણ કાળજી રાખવામાં આવે છે." વડાપ્રધાનના આહવાનને પગલે ખાનગી ક્ષેત્રના ડોક્ટરો પણ દર મહિનાની નવમી તારીખે જાહેર આરોગ્ય સુવિધાઓમાં સ્વૈચ્છિક સેવા પૂરી પાડે છે.

માતા બનવાના સુખને પ્રકૃતિનું સૌથી મોટું વરદાન ગણવામાં આવે છે, પણ નિરક્ષરતા, માહિતીનો અભાવ, પૂરતી

# સગર્ભા, નવજાત શિશુ અને બાળકોનું આરોગ્ય



**2,76,55,855**

સગર્ભા મહિલાની PMSMA હેઠળ તપાસ થઈ

- PMSMA સર્વિસ પૂરી પાડનારી સુવિધાઓની સંખ્યા 18,499 અને સ્વયંસેવકોની સંખ્યા 6,665 છે. મહિનાનો નવમો દિવસ રવિવાર કે રજાનો દિવસ હોય તો પછીના ચાલુ દિવસે ક્લિનિક યોજાય છે. ગાયનોકોલોજિસ્ટ દ્વારા એન્ટિનેટલ સ્ક્રિનિંગ (ગર્ભાવસ્થા તપાસ) કરવામાં આવે છે.

### PMSMAના લક્ષ્ય અને હેતુઓ

મહિલાઓને તંદુરસ્ત બાળક અને તંદુરસ્ત જીવન આપવું, મૃત્યુદર ઘટાડવો, તેમને રોગ અંગે જાગૃત કરવા. એનિમીયા, સગર્ભા સંલગ્ન હાઈપરટેન્શન, જેસ્ટેશનલ ડાયાબિટીસ જેવા વર્તમાન બિમારીની યોગ્ય સારવાર કરવી.

### સગર્ભા અને બાળ મૃત્યુદરમાં ઘટાડો

સગર્ભા મૃત્યુદર 1990માં એક લાખ જન્મ સામે 556નો હતો, જે ઘટીને 2016-18માં 113 થયો હતો. બાળકોમાં મૃત્યુદર પણ 2012માં 52થી ઘટીને 2018માં 36 થયો છે. 2014-15માં સેક્સ રેશિયો 918 હતો, જે 16 ટકા વધીને 934 થયો છે.

### PMSMA: મુખ્ય મુદ્દા

આ કાર્યક્રમનો હેતુ દર મહિનાની નવમી તારીખે તમામ સગર્ભા મહિલાઓની સંપૂર્ણ અને ગુણવત્તાયુક્ત તપાસ કરવાનો છે. કોઈ પણ હોસ્પિટલ, મેડિકલ સેન્ટર અને આરોગ્ય કેન્દ્ર ખાતે આ તપાસ મફતમાં કરવામાં આવે છે. આ તપાસને કારણે મહિલાની આરોગ્યની સમસ્યા જાણી શકાય છે, જેથી યોગ્ય સમયે તેની સારવાર કરી શકાય.



"માતૃત્વ, નવજાત અને બાળ આરોગ્ય માટેની ભાગીદારી અનોખું અને અસરકારક પ્લેટફોર્મ છે. અમે માત્ર સારા સ્વાસ્થ્યની જ વાત નથી કરતા, અમે ઝડપી વિકાસની પણ વાત કરીએ છીએ."

**- નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

### સ્ટિકર્સ દ્વારા સગર્ભા મહિલાના આરોગ્ય પર દેખરેખ

લીલું સ્ટિકર- કોઇ જોખમ જોવા મળ્યું ન હોય તેવી મહિલા માટે

લાલ સ્ટિકર- સગર્ભાવસ્થામાં ઊંચું જોખમ ધરાવતી મહિલા માટે

વાદળી સ્ટીકર- સગર્ભાવસ્થા સંલગ્ન તણાવ ધરાવતી મહિલા માટે

પીળું સ્ટીકર- ડાયાબિટીસ, હાઈપોથાઈરોડીઝમ, STI જેવા અન્ય રોગ પણ હોય તેવી મહિલા માટે

### વેબસાઈટ હેલ્પલાઈન

કોઇ પણ પ્રકારની મદદ માટે વેબસાઈટ pmsma.nhp. gov.in ની મુલાકાત લો: મોબાઈલ એપ પણ લોંચ કરવામાં આવી છે

ટોલ ફ્રી નંબર: 18001801104

તમે ડોક્ટર હોવ અને ઝુંબેશમાં જોડાવા માગતા હોવ તો વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરાવી શકો છો

કિલકારી' હેઠળ, પાંચ કરોડ સગર્ભા મહિલાઓને મોબાઈલ પર સગર્ભાવસ્થા અને શિશુ સંભાળ અંગેના મેસેજ મોકલવામાં આવ્યા છે


આરોગ્ય સુવિધાઓનો અભાવ, કુપોષણ, નાની ઉંમરમાં લગ્ન, બિનઆયોજિત ગર્ભધારણ વગેરે કારણોસર અનેક મહિલાઓ માટે માતૃત્વનો ખૂબસુરત અહેસાસ જીવલેણ અને જોખમી સાબિત થઈ શકે છે. આ તમામ ચિંતાઓને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે 9 જૂન, 2016નાં રોજ પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન (PMSMA) લોંચ કર્યું હતું. આ સ્કીમે સમાજમાં જાગૃતિ ફેલાવી છે અને મહિલાઓને સશક્ત બનાવી છે અને સાથે સાથે સમાજ અને દેશને તેની જરૂરિયાત અંગે સંવેદનશીલ બનાવ્યાં છે. ●

# ચેમ્પિયન્સ પોર્ટલથી MSMEને મળી સફળતા



વેપાર તેમની નસોમાં હોય છે. કોવિડ મહામારીમાં સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ સાહસો (MSME)ની સમસ્યા ઉકેલવાના હેતુથી કેન્દ્ર સરકારે ગયા વર્ષે જૂન મહિનામાં સિંગલ વિન્ડો 'ચેમ્પિયન્સ' પોર્ટલ રજૂ કર્યુ હતું. 6 કરોડ એકમો ધરાવતું આ સેક્ટર ભારતીય અર્થતંત્રનો આધારસ્તંભ કહેવાય છે, જે 11 કરોડ લોકોને રોજગારી આપે છે અને દેશની જીડીપીમાં 29 ટકા યોગદાન આપે છે. ચેમ્પિયન્સ પોર્ટલની મદદથી આ સેક્ટરને આત્મનિર્ભર બનવા માટે પ્રોત્સાહન મળશે.





## સફળતાની કહાનીઓ

કર્ણાટકના હુબલી શહેરમાં ટ્રાફિક પોલિસ અને રોડ સેફ્ટી કર્મચારીઓ માટે જેકેટ્સ બનાવતી કંપની સેફ્ટી સાયન્સ એન્ડ ઈક્વિપમેન્ટ્સને કોવિડ મહામારી દરમિયાન પીપીઇ કિટનું ઉત્પાદન કરવાની જરૂરિયાત અનુભવાતા ઉત્પાદન ચાલુ કર્યું. પણ મોટો પડકાર એ હતો કે એ વખતે કોવિડને કારણે બજારો બંધ હતા. કંપની વતી વેંકટેશ બડીએ એમએસએમઇ ઓફિસની મદદ લીધી, જેણે સાત જ દિવસની અંદર કંપનીનો સંપર્ક સ્થાનિક હોસ્પિટલો અને એનજીઓ સાથે કરાવ્યો. હાલમાં કંપની રોજની 100 પીપીઇ કિટ્સનું ઉત્પાદન કરે છે, જે સ્થાનિક માગ પૂરી પાડે છે.



રેપિડટેક આઇટી સર્વિસ પ્રાઇવેટ લિમિટેડે એમએસએમઇ માટે તે વખતની જોગવાઇ હેઠળ અર્નેસ્ટ મની ડિપોઝીટ (EMD)માંથી મુક્તિ આપવા બેન્ક ઓફ ઈન્ડિયાની મુઝફ્ફરપુર (બિહાર) સ્થિત પ્રાદેશિક કચેરીનો સંપર્ક સાધ્યો. પણ બેન્કે વિનંતી ફગાવતા જણાવ્યું કે, NSIC હેઠળ નોંધાયેલી કંપનીઓ માટે જ આ જોગવાઇઓ લાગુ પડે છે તેથી કંપની ટેન્ડરમાં ભાગ ન લઈ શકે. રાજ્યના ચેમ્પિયન્સ પોર્ટલે દરમિયાનગીરી કરી અને સંબંધિત જોગવાઇને ટાંકીને નિર્ણય પર પુનર્વિચાર કરવા બેન્કના રિજનલ મેનેજરને જણાવ્યું. આખરે બેન્કને ટેન્ડરની સમીક્ષા કરવાની ફરજ પડી.

સફળતાની કહાનીઓ

રાજકોટના મનસુખ કાકોડીયાનું UAM કાર્ડ (લઘુ ઉદ્યોગોને આપવામાં આવેલો ઓળખ નંબર) ગુમ થઈ ગયું. તેમણે ચેમ્પિયન્સ પોર્ટલની સલાહ માગી. પોર્ટલની ટીમે કાકોડીયાને સમયસર માહિતી આપતાં તેમને થોડી જ વારમાં કાર્ડ મળી ગયું.

ઝારખંડના બોકારોના લાલતુ સરકાર N H કન્સ્ટ્રક્શન નામની કંપની ચલાવે છે. ધ બોકારો સ્ટીલ લિમિટેડ (BSL) પર તેમનું રૂ. 6 કરોડનું લેણું હતું, જે કંપની ચૂકવતી નહોતી. લાલતુએ કંપનીને અનેક વાર વિનંતી કરી પણ પૈસા ન મળ્યા.

તમામ પ્રયાસો નિષ્ફળ જતાં તેમણે ચેમ્પિયન્સ પોર્ટલ પર ફરિયાદ કરી. ચેમ્પિયન્સ ટીમની દરમિયાનગીરી બાદ કંપનીએ તેમને રૂ. 2.5 કરોડની આંશિક ચૂકવણી કરી અને બાકીના પૈસા હપ્તાઓમાં પાછા આપવા ખાતરી આપી.



થ્રિસ્સુરના કે એમ જોશે નાસ્તા બનાવવાનું નાનું એકમ ધરાવે છે. ટેકનિકલ કારણસર ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઇન્ડિયા (FSSAI)ની વેબસાઇટ પર રજીસ્ટ્રેશન કરવામાં અને લાઇસન્સ મેળવવામાં તેમને મુશ્કેલી પડતી હતી. FSSAIની વેબસાઇટ પર રજીસ્ટ્રેશન માટે અનેક વાર પ્રયાસ કર્યા પછી તેમણે ચેમ્પિયન્સ પોર્ટલ પર ફરિયાદ કરી. ફરિયાદ કર્યાના 24 કલાકની અંદર થ્રિસ્સુરની એમએસએમઇ ટીમે FSSAI ઓફિસનો સંપર્ક કર્યો અને તેમની સમસ્યા ઉકેલી.

એમએસએમઇ સાહસિકોને નડતી સમસ્યાઓનો ચેમ્પિયન્સ પોર્ટલ દ્વારા સમયસર ઉકેલ લાવવામાં આવ્યો હોય તેવા કિસ્સાની યાદી લાંબી છે. એમએસએમઇ સેક્ટરને મદદ કરવા, ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવા અને વેપાર માટે નવી તક શોધવામાં મદદ કરવાના હેતુથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 1 જૂન, 2020નાં રોજ ચેમ્પિયન્સ પોર્ટલ લોંચ કર્યું હતું. ચેમ્પિયન્સ પોર્ટલ નાના એકમોને નડતી મુશ્કેલીઓ નિવારવાના વન-સ્ટોપ સોલ્યુશન માટેના મંચ તરીકે ઊભર્યું છે. મૂડી અને માનવબળની અછતની સમસ્યા ઉકેલવા આ પોર્ટલ મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે. તે ઉદ્યોગ સાહસિકોને માસ્ક અને પીપીઇ કિટ્સનું ઉત્પાદન કરવા જેવા નવા ક્ષેત્રોમાં પ્રવેશવા અને આ પ્રોડક્ટ્સની રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય બજારોમાં નિકાસ કરવામાં પણ મદદ કરી રહ્યું છે. આ ઉપરાંત, આ પોર્ટલ વર્તમાન મુશ્કેલ સમયનો સામનો કરીને વૈશ્વિક સ્તરે ચળકી શકે તેવા એમએસએમઇ યુનિટ્સને પણ શોધી રહ્યું છે.

## તમામ સોલ્યુશન્સ માટે 'વન સ્ટોપ ડેસ્ટીનેશન'

ચેમ્પિયન્સ એ પ્રથમ પોર્ટલ છે, જેને ભારત સરકારની સેન્ટ્રલાઇઝ્ડ પબ્લિક ગ્રિવન્સિસ રિડ્રેસલ એન્ડ મોનિટરીંગ સિસ્ટમ (CPGRAMS) સાથે જોડવામાં આવ્યું છે. આનો અર્થ એ થયો કે કોઇ CPGRAMS પર ફરિયાદ કરે તો તે આપોઆપ

ચેમ્પિયન્સ પોર્ટલ પર દેખાશે. અગાઉ, આ ફરિયાદો સંબંધિત મંત્રાલયોમાં મોકલવામાં આવતી હતી, પણ હવે આ વ્યવસ્થા મજબૂત કરવામાં આવી છે.

CPGRAMS એ વેબ ટેકનોલોજી પર આધારિત પ્લેટફોર્મ છે, જેનો પ્રાથમિક હેતુ દેશના કોઇ પણ નાગરિક દ્વારા કોઈ પણ ખૂણેથી મંત્રાલયો, વિભાગો અને સંસ્થાઓને કોઈ પણ સમયે પોતાની ફરિયાદ રજૂ કરવાનો છે.

ચેમ્પિયન્સ પોર્ટલ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ડેટા એનાલિટિક્સ અને મશીન લર્નિંગ્સથી સજ્જ છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને કારણે ચેમ્પિયન્સ પોર્ટલ ઉદ્યોગ સાહસિકોની સમસ્યાનું આપોઆપ પૃથક્કરણ કરે છે. જેમ કે, કોઇ બેન્ક કોઇ ચોક્કસ ઉદ્યોગ સાહસિકની લોન અરજીને સતત ફગાવી દેતી હોય અથવા કોઇ પ્રદેશને કોઇ મુશ્કેલી હોય તો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા ચેમ્પિયન્સ પોર્ટલ પર તે દેખાશે. આ સમસ્યાઓ ઓળખીને સંબંધિત અધિકારીઓ આ મુદ્દા ઉકેલવા પગલાં ભરે છે. આ પોર્ટલ મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમની ટેકનોલોજી પર આધારિત છે. વધુમાં, આ પોર્ટલ સેક્ટરને નડતા વિઘ્નોને દૂર કરીને પડકારોને તકમાં ફેરવવામાં મદદરૂપ છે.

## પોર્ટલ વિકસાવવા સ્વદેશી ટેકનોલોજીનો ઉપયોગ

સ્વદેશી બનાવટના ચેમ્પિયન્સ પોર્ટલ નેટવર્કનો એક કન્ટ્રોલ રૂમ 'હબ એન્ડ સ્પોક' મોડલ પર વિકસાવવામાં આવ્યું છે. તેનો અર્થ એ થયો કે વ્હીલની જેમ તેનું હબ (કેન્દ્ર) નવી દિલ્હીમાં એમએસએમઇની સેક્રેટરી ઓફિસમાં છે, જ્યારે તેનાં સ્પોક્સ (શાખાઓ) રાજ્યોમાં મંત્રાલયની વિવિધ ઓફિસ અને સંસ્થાઓમાં છે. હાલમાં, સિસ્ટમના ભાગ રૂપે રાજ્ય સ્તરના 66 કન્ટ્રોલ રૂમ ઊભા કરવામાં આવ્યા છે.




એટલે 'ક્રીએશન એન્ડ હાર્મોનિયસ એપ્લિકેશન ઓફ મોડર્ન પ્રોસેસ ફોર ઈન્ક્રિઝીંગ ધ આઉટપુટ એન્ડ નેશનલ સ્ટ્રેન્થ.'

### હેતુ અને લાભ

આ પોર્ટલનો હેતુ એમએસએમઇને વિવિધ પ્રોત્સાહનો આપીને વર્તમાન મુશ્કેલીઓ અને ભવિષ્યમાં આવનારી અણધારી સ્થિતિમાંથી બહાર લાવવાનો છે. આ પોર્ટલ દ્વારા સરકાર નિયમનકારો પાસેથી મંજૂરીમાં નડતી સમસ્યા ઉપરાંત આર્થિક, શ્રમ, રો મટિરિયલની સમસ્યાઓ નિવારવામાં મદદ કરવા માગે છે.




**યુઝરનો પ્રકાર, વ્યક્તિનું નામ અને મોબાઇલ નંબર જેવી જરૂરી વિગતો એન્ટર કર્યા પછી અરજદારને ઓટીપી મળશે. ઓટીપી એન્ટર કર્યા પછી યુઝર તેની ફરિયાદ નોંધાવી શકશે. એ પછી, એમએમએમઇ વિભાગ સમયસર ફરિયાદનું નિવારણ લાવશે.**



## સક્ષમ દેશને સશક્ત કરશે

મહાત્મા ગાંધી માનતા હતા કે ભારતના વિકાસનો આધાર ગામડાંની પ્રગતિ પર છે, જેનાં માટે વિકેન્દ્રીકરણ અને પ્રાદેશિક આત્મનિર્ભરતા મહત્વનાં છે. કેન્દ્ર સરકાર બાપુના માર્ગનું અનુસરણ કરી રહી છે. સરકાર કોરાના મહામારીમાં એમએસએમઇ સેક્ટરની આર્થિક સમસ્યા ઉકેલીને અથવા તો આર્થિક સહાય આપીને આ ઉદ્યોગોને વેગ આપવા પગલાં ભરી રહી છે, જેઓ ગામડાંને આત્મનિર્ભર બનાવવામાં નોંધપાત્ર પ્રદાન આપી રહ્યા છે.

અગાઉ કોઇએ વિચાર્યું હતું કે, એમએસએમઇને 59 મિનિટમાં રૂ. એક કરોડની લોન મળી શકે? પણ કેન્દ્ર સરકારના પ્રયાસોને પગલે હવે તે શક્ય છે. એમએસએમઇને પ્રોત્સાહન આપવા માટે સરકારે લીધેલાં મહત્વનાં પગલાંમાં ધિરાણ અને બજારની સગવડ, ટેકનોલોજીકલ અપગ્રેડેશન, ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ અને કર્મચારીઓમાં સલામતીની ભાવના વગેરેનો સમાવેશ થાય છે. આ વર્ષના બજેટમાં આ સેક્ટર માટે રૂ. 15,700 કરોડ ફાળવવામાં આવ્યા છે, જે અગાઉના બજેટ કરતાં બમણા છે.

## આત્મનિર્ભર ભારત પેકેજે એમએસએમઇને મોટી રાહત આપી

- લોક ડાઉનને કારણે ગંભીર આર્થિક ફટકો સહન કરનારા નાના એકમોને પુનઃ બેઠાં કરવા કોરોના મહામારી દરમિયાન આત્મનિર્ભર ભારત પેકેજ હેઠળ છ મુદ્દાના વ્યૂહની જાહેરાત કરવામાં આવી હતી.
- એમએસએમઇ, કુટિર અને ગૃહ ઉદ્યોગના 45 લાખ એકમોને લાભ આપવા માટે રૂ. ત્રણ લાખની જામીનગીરી વગરની ઓટોમેટિક લોનની જોગવાઇ કરવામાં આવી. સરકારી કંપનીઓ અને પીએસયુના એમએસએમઇને ચૂકવવાની બાકી રકમ 45 દિવસમાં ચૂકવી આપવાની પણ જાહેરાત કરવામાં આવી હતી.
- વિપરિત પરિસ્થિતિઓનો સામનો કરી રહેલા કુટિર ઉદ્યોગ અને એમએસએમઇને રૂ. 20,000 કરોડનું આર્થિક પેકેજ આપવામાં આવ્યું. એમએસએમઇને વિદેશી કંપનીઓ તરફથી સ્પર્ધાને કારણે અન્યાય થયો છે. તેથી, રૂ. 200 કરોડ સુધીના ટેન્ડરમાં વૈશ્વિક કંપનીઓને મંજૂરી નહીં આપવાનો નિર્ણય લેવાયો.
- વિસ્તરણની યોજના ધરાવતા અને સારી કામગીરી કરી રહેલા નાના એકમોને રૂ. 50,000 કરોડની ઇક્વિટી પૂરી પાડવા એમએસએમઇ માટે ફન્ડ ઓફ ફન્ડ્સની જાહેરાત કરવામાં આવી. વધુમાં, સારી કામગીરી કરી રહેલા એમએસએમઇને તેમનું કદ અને ક્ષમતા વધારવા રૂ. 10,000 કરોડનાં ફન્ડની જોગવાઇ ઉપરાંત કેટલીક જાહેરાતો કરવામાં આવી હતી.
- રૂ. એક કરોડનાં રોકાણથી સ્થપાયેલા અથવા રૂ. પાંચ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતા મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ એકમો માઇક્રો-યુનિટ્સ કહેવાશે, જ્યારે રૂ. 10 કરોડ સુધીનું રોકાણ અથવા રૂ. 50 કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતા એકમો નાના એકમો કહેવાશે. રૂ. 20 કરોડ સુધીનું રોકાણ અથવા રૂ. 100 કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતા એકમો મધ્યમ એકમો કહેવાશે.

## કોરાનાની બીજી લહેરમાં આરબીઆઇએ મદદનો હાથ લંબાવ્યો




રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા (આરબીઆઇ)એ કોરોના મહામારીની બીજી લહેરમાં એમએસએમઇ સેક્ટરને સહાય કરવા અનેક પગલાં જાહેર કર્યા છે. આરબીઆઇએ સમયસર લોનની પરત ચૂકવણી ન કરી શકે તેવા એમએસએમઇ એકમો માટે પુનર્ગઠનના વિકલ્પો આપ્યા છે. રૂ. 25 કરોડનું કુલ ઋણ ધરાવતા એમએસએમઇ એકમોનાં પુનર્ગઠન પર વિચાર કરવામાં આવશે. આ સુવિધા એ જ એકમોને મળશે જેમણે અગાઉ કોઇ પુનર્ગઠન યોજનાનો લાભ ન લીધો હોય. વધુમાં, એમએસએમઇને ધિરાણ આપતી કોમર્શિયલ બેન્કોને પ્રોત્સાહનો આપવામાં આવશે.

### 72 કલાકમાં સમસ્યાનો ઉકેલ

કોઇ પણ સિસ્ટમની સફળતાનો આધાર તેની સાથે સંકળાયેલા લોકો પર રહેલો છે. અવરોધ વિના સિસ્ટમનો અમલ કરવા માટે તમામ સંબંધિત અધિકારીઓને 72 કલાકથી વધુ સમય માટે કોઇ પણ ફાઇલ અટકાવી ન રાખવાની સૂચના આપવામાં આવી છે.

જ્યારે પણ આર્થિક કટોકટી આવી છે, ત્યારે ભારતને તેનાં મજબૂત એમએસએમઇ સેક્ટરને કારણે આંચ નથી આવી. એમએસએમઇ મંત્રી નિતિન ગડકરીના જણાવ્યા પ્રમાણે, સરકાર પશ્ચિમીકરણની તરફેણમાં નથી, પણ તે ગામડાંઓનું આધુનિકીકરણ કરવા માગે છે. આ સમય સામાજિક અને આર્થિક સંક્રમણનો છે. જીડીપીમાં આ સેક્ટરનો ફાળો 29 ટકાથી વધારીને 40 ટકા પર લઇ જવા પ્રોત્સાહન અપાઇ રહ્યું છે. ■

# પેન્સિલથી

## બાળ મજૂરોના જીવનમાં પરિવર્તન



**"હાથમાં પેન્સિલ લઈને તે ખૂબ ખુશ છે. તેને શાળાએ જવું પણ ગમે છે." સરકારે બાળ મજૂરોની સમસ્યા નિવારવા અનેક પહેલ કરી રહી છે અને તેમનું પુનર્વસન કરી રહી હોવાથી તેઓ શાળામાં પણ જઈ રહ્યા છે. નેશનલ ચાઈલ્ડ લેબર પ્રોજેક્ટ, PENCIL પોર્ટલ અને 'ઓપરેશન મુસ્કાન' જેવાં વિવિધ પગલાંને કારણે બાળ મજૂરી નાબૂદ કરવાની ઝુંબેશ વેગ પકડી રહી છે અને તેનાથી આ બાળકોનાં જીવનમાં પરિવર્તન આવી રહ્યું છે.**


જતીન તેલંગાણાની ફેક્ટરીમાં દિવસના માત્ર પાંચ રૂપિયાની મજૂરીમાં બાળ મજૂર તરીકે કામ કરે છે. તેને પોતાનું વર્તમાન અને ભાવિ બંને અંધકારમય લાગે છે. પણ નેશનલ ચાઈલ્ડ લેબર પ્રોજેક્ટ (NCLP) નાં એક કાર્યક્રમે તેને જીવનની નવા દિશા આપી. NCLPએ તેને સ્પેશ્યલ ટ્રેઈનિંગ સેન્ટરમાં એડમિશન અપાવ્યું, જ્યાં તેણે પોસ્ટ ગ્રેજ્યુએશન પુરું કર્યું અને હવે તે કંપનીમાં મેનેજર તરીકે કામ કરે છે. આવો જ કેસ હરિયાણા સ્થિત હરવિન્દરનો છે. કડિયાનો પુત્ર હરવિન્દર અગાઉ આખો દિવસ આકરા તાપમાં તેના પિતાની સાથે ચણતર કામ કરતો હતો. તેને પણ NCLPના પગલાનો લાભ થયો અને ફરિદાબાદમાં સ્પેશ્યલ ટ્રેઈનિંગ સેન્ટરમાં ભણાવવામાં આવ્યો. અહીં તેણે બીસીએ અને બિઝનેસ ફાઈનાન્સિયલ સર્વિસિસ એન્ડ ઈન્શ્યોરન્સમાં કોર્સ પૂરો કર્યો.

આંધ્રપ્રદેશના આદિવાસી દિપકનો પણ આવો જ અનુભવ છે. દહાડીયા તરીકે કામ કરવા તેણે અભ્યાસ છોડી દીધો. પણ NCLP ની સર્વે ટીમે તેના માતા પિતાને સ્પેશ્યલ ટ્રેઈનિંગ સેન્ટરમાં મોકલવા મનાવી દીધા. શાળાકીય ભણતર પુરું કરીને આજે તે એન્જિનિયરીંગ કરી રહ્યો છે. (તમામના નામ બદલ્યાં છે)

નાની ઉંમરે મજૂરી શરૂ કરી દીધી હોવાથી બાળપણ ગુમાવનારા અનેક બાળકોનું NCLP કે 'ઓપરેશન મુસ્કાન' જેવી યોજનાઓને કારણે પુનર્વસન થઈ રહ્યું છે. વિખુટા પડી ગયેલા કે ઘર છોડીને ભાગી ગયેલા બાળકોનું તેમનાં માબાપ સાથે મિલન થઈ રહ્યું છે. આનો શ્રેય 'ઓપરેશન મુસ્કાન' જેવી સરકારની પહેલને જાય છે. ગુમ થયેલા બાળકોનું પુનર્વસન કરવાના આશયથી કેન્દ્રીય ગૃહ મંત્રાલયે 2015માં આ યોજના શરૂ કરી હતી.




બાળ મજૂરી સામે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે 12 જૂનનાં રોજ બાળ મજૂરી પ્રતિબંધ દિવસ ઉજવવામાં આવે છે. 2002માં ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશને તેની શરૂઆત કરી હતી. આ દિવસે બાળકોના વિકાસ અને પ્રોત્સાહન માટે યોગ્ય વાતાવરણ પુરું પાડવા પર ફોકસ કરવામાં આવે છે, એટલું જ નહીં પણ બાળ મજૂરી સામે લડનારાઓને એક મંચ પણ પૂરો પાડે છે.



**1,95,652**

બાળકોને PENCIL સ્કીમ હેઠળ લાભ આપવામાં આવ્યો

**60,634**

બાળકો સ્પેશ્યલ ટ્રેઈનિંગ સેન્ટર (STC)માં નોંધાયા

**1,01,148**

બાળકો PENCIL શરૂ થયા પછી મુખ્ય ધારામાં આવ્યા

**620** ડિસ્ટ્રીક્ટ નોડલ ઓફિસર નિમાયા

- PENCIL વેબ પોર્ટલે NCLPના બાળ કલ્યાણ કાર્યક્રમોના અસરકારક અમલીકરણમાં ઘણી મદદ કરી છે.
- આ પોર્ટલ દ્વારા બાળ મજૂરી વિરોધી કાર્યક્રમોમાં સંકળાયેલા તમામ લોકોને એક પ્લેટફોર્મ હેઠળ આવરી લેવામાં આવ્યા છે. આ પોર્ટલ શ્રમ મંત્રાલયે વિકસાવ્યું છે અને તેની વેબસાઇટ https://pencil.gov.in/ પર કોઇ પણ વ્યક્તિ ફરિયાદ નોંધાવી શકે છે.
- બાળ મજૂરી વિરોધી કાનૂની જોગવાઇઓને કડક બનાવવા નેશનલ ચાઇલ્ડ લેબર પ્રોજેક્ટનો અસરકારક રીતે અમલ કરવાના હેતુથી PENCIL પોર્ટલ બનાવવામાં આવ્યું છે.
- શ્રમ મુદ્દાઓ બંધારણની સંયુક્ત યાદીમાં છે અને સામાન્ય રીતે તેની વિવિધ જોગવાઇઓ લાગુ કરવાની જવાબદારી રાજ્ય સરકારોની છે. આ માટે કેન્દ્રીય શ્રમ મંત્રાલયે આ પોર્ટલ શરૂ કર્યું હતું, જે કેન્દ્ર સરકારને રાજ્ય સરકારો, જિલ્લાઓ, તમામ પ્રોજેક્ટ સમિતિઓ અને સામાન્ય પ્રજા સાથે જોડે છે.

### પેન્સિલ પોર્ટલના પાંચ પાસા

**• બાળ મજૂરી શોધવાનું તંત્ર • ફરિયાદની જોગવાઇ • રાજ્ય સરકાર • નેશનલ ચાઇલ્ડ લેબર પ્રોજેક્ટ • હિતધારકો વચ્ચે સંકલન**



## બાળ મજૂરી (પ્રતિબંધ અને નિયમન) સુધારા ધારો, 2016

- બાળ મજૂરી નાબૂદ કરવાના આશયથી સરકારે ચાઇલ્ડ લેબર (પ્રોહિબિશન એન્ડ રેગ્યુલેશન) એમેન્ડમેન્ટ એક્ટ, 2016 લાગુ કર્યો હતો, જે 1 સપ્ટેમ્બર, 2016થી અમલમાં આવ્યો.
- 14 વર્ષથી નીચેની વયના બાળકોને કોઇ પણ વ્યવસાય કે પ્રક્રિયામાં કામે નહીં રાખી શકાય અથવા કામ કરવાની મંજૂરી નહીં અપાય
- 14થી 18 વર્ષની વચ્ચેના બાળકોને જોખમી વ્યવસાયમાં નોકરીએ નહીં રાખી શકાય. આ નિયમનો ભંગ કરનારને કડક સજા કરવામાં આવશે. આ ગુનાને કોગ્નિઝેબલ ગુનો બનાવવામાં આવ્યો છે.
- કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા બચાવવામાં આવેલા બાળકોનું પુનર્વસન NCLP દ્વારા કરવામાં આવે છે



### વેઠીયા મજૂરોનું પુનર્વસન

મુક્ત કરવામાં આવેલા વેઠીયા બાળ મજૂરોને આ સ્કીમ હેઠળ રૂ. બે લાખ સુધીની આર્થિક મદદની જોગવાઈ.

ભારતે તાજેતરમાં બાળ મજૂરી અંગે આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનની બે મુખ્ય સમજૂતિઓને બહાલી આપી હતી, જે દેશને બાળ મજૂરી મુક્ત બનાવવાની તેની પ્રતિબધ્ધતા દર્શાવે છે

### અન્ય જોગવાઇઓ

જુવેનાઇલ જસ્ટીસ એક્ટ, 2015 મુજબ કોઇ બિન સરકારી જૂથ, જાતે બની બેઠેલું કે કેન્દ્ર સરકાર દ્વારા પ્રતિબંધિત ઉગ્રવાદી જૂથ કોઇ પણ હેતુ માટે બાળ મજૂરની ભરતી કરે કે કોઇ પણ હેતુ માટે તેનો ઉપયોગ કરે તો તેને સાત વર્ષ સુધીની કડક સજા અને રૂ. પાંચ લાખ સુધીનો દંડ કરવામાં આવશે.

આ ઉપરાંત ચાઇલ્ડ લેબર એક્ટમાં સુધારો કરવા જેવા પગલાથી બાળ મજૂરી નાબૂદીની ઝૂંબેશ મજબૂત બની રહી છે. 26 સપ્ટેમ્બર, 2017નાં રોજ શ્રમ અને રોજગાર મંત્રાલયે 'પ્લેટફોર્મ ફોર ઈફેક્ટિવ એન્ફોર્સમેન્ટ ફોર નો ચાઇલ્ડ લેબર' (PENCIL) લોંચ કર્યું હતું, જેણે બાળ મજૂરી નાબૂદીમાં ઘણી મદદ કરી. બાળ મજૂરીથી બાળકો તેમનાં બાળપણથી વંચિત રહે છે અને તે તેમના શારિરીક અને માનસિક વિકાસ માટે પણ અવરોધક છે. ●



# સ્વતંત્રતા સંગ્રામમાં સાધારણ ભારતીયોનું અસાધારણ પ્રદાન

**ભારતનો સ્વતંત્રતા સંગ્રામ માનવ ઈતિહાસમાં અનોખું ઉદાહરણ છે, જેમાં તમામ જ્ઞાતિ, જાતિ અને ધર્મના લોકોએ એક લક્ષ્ય સાથે સાથે મળીને લડાઇ લડી હતી. ભારતીય ઈતિહાસનો આ યાદગાર સમય હતો, જેમાં ઘણાં લડવૈયા 'હીરો' બની ગયા અને ઘણાં ગુમનામ રહી ગયા. આદિવાસીથી માંડીને રાજાઓ, સૈનિકોથી માંડીને સામાન્ય માણસો અને મહિલાઓ સુધીનાં સંખ્યાબંધ વીરલાઓએ 1857થી 1947 સુધીના સમયગાળામાં પોતાનાં જીવનાં બલિદાન આપ્યા. તેમના સંઘર્ષ અને પ્રયાસોને કારણે જ ભારત 200 વર્ષની ગુલામીની બેડીઓ તોડી શક્યું અને 1947માં સ્વતંત્ર થયું.. ...**

સ્વતંત્રતા સંઘર્ષની દરેક ઘટનાને યાદ કરીને દેશ ભવિષ્યનું નિર્માણ કરવા નવી ઊર્જા સાથે આગળ વધી રહ્યો છે. એક રાષ્ટ્ર ત્યારે જ આગળ વધી શકે જ્યારે તે ભૂતકાળ સાથે જોડાયેલો હોય અને પોતાના વારસાનું ગૌરવ હોય. ભારત પાસે ગૌરવ લેવા જેવું ઘણું છે- ભવ્ય ઈતિહાસ, સાંસ્કૃતિક વારસો અને સ્વતંત્રતા સંઘર્ષનો મહાન સમય. આપણા દેશમાં અનેક મહાન નાયક થઈ ગયા જેમણે રાષ્ટ્રના રક્ષણ, સલામતી અને આઝાદી માટે પોતાના જીવનાં બલિદાન આપી દીધાં. દેશ આ તમામ વીર સપૂતોને નમન કરે છે અને તેમની પાસેથી પ્રેરણા લે છે.





# બિરસા મુંડાઃ આદિવાસી હીરો, જે પ્રજા માટે ભગવાન હતો

રાંચીના ઉલીહાટુમાં 15 નવેમ્બર, 1875નાં રોજ સુગના મુંડાના ઘરે તેમનો જન્મ થયો. ઘરની આર્થિક સ્થિતિ સારી ન હોવા છતાં તેમના પિતાએ તેમને અભ્યાસ માટે મિશનરી સ્કુલમાં મોકલ્યા. આ સમયે દેશમાં બ્રિટિશરોનો અત્યાચાર વધી રહ્યો હતો. આદિવાસીઓ પાસે પોતાનું અસ્તિત્વ ટકાવવા કશું નહોતું. ન પહેરવા માટે પૂરતાં કપડાં, ન ખાવા માટે અનાજ. એક બાજુ ગરીબી હતી, તો બીજી બાજુ બ્રિટિશરોએ ઇન્ડિયન ફોરેસ્ટ એક્ટ, 1882 અંતર્ગત તેમના જંગલો પણ છીનવી લીધા. તેમને પોતાના જ જંગલમાંથી કાઢી મૂકવામાં આવ્યા. બ્રિટિશરો સામે લોકોનો રોષ વધતો જતો હતો. એ સમયે, બિરસા મિશનરી સ્કુલમાં ભણતા હતા. એક દિવસ અચાનક સ્કુલ છોડીને ઘરે પાછા આવી ગયા. 1890ની આસપાસ તેઓ વૈષ્ણવ સંપ્રદાય તરફ વળી ગયા.

બિરસાએ આદિવાસી સમાજમાં સુધારાનું કામ કર્યું. તેમણે લોકોને અંધવિશ્વાસ છોડી દેવા જણાવ્યું. આદિવાસીઓ રોગ, મહામારીને દેવી પ્રકોપ સમજીને કોઇ સારવાર કરાવતા નહોતા. બિરસાએ તેમને રોગોની સારવાર કરાવતા શીખવાડ્યું. લોકો તેમને 'ધરતી અબ્બા' (પૃથ્વીના પિતા) કહેવા માંડ્યા. બ્રિટિશરો દ્વારા આદિવાસીઓ પર થઈ રહેલા અત્યાચાર સહન ન થતાં બિરસાએ શસ્ત્રો હાથમાં લીધા અને 1899માં ઉલ્ગુલાન નામની ચળવળ શરૂ કરી. તેમણે બ્રિટિશરો સામે લડવા આદિવાસઓને સંગઠિત કર્યા. તેમણે રાંચીથી ચાઇબાસા સુધીના પોલિસ થાણાનો ઘેરાવો કર્યો. રાંચીમાં કેટલાંક દિવસો સુધી કરફ્યુ જેવી સ્થિતિ પ્રવર્તી હતી. ગભરાઇ ગયેલી બ્રિટિશ સરકારે હઝારીબાગ અને કોલકતાથી દળોને બોલાવ્યા. ભીષણ સંઘર્ષમાં બિરસાના આશરે 400 સાથીઓ માર્યા ગયા અને એટલાં જ સાથીઓની ધરપકડ થઈ. થોડા દિવસ પછી બિરસાની પણ ધરપકડ થઈ. 9 જૂન, 1900નાં રોજ માત્ર 25 વર્ષની વયે રાંચીની જેલમાં તેમનું અવસાન થયું.

## દુર્ગા ભાભીઃ ભગતસિંઘનો કેસ લડવા પોતાનાં તમામ દાગીના વેચી દીધાં



17 ડિસેમ્બર, 1928ની ઘટના છે. બ્રિટિશ અધિકારી સૌંડર્સની હત્યા બાદ પોલિસ ભગત સિંઘ અને રાજગુરૂને લાહોની ગલી ગલીમાં શોધતા હતા. બસ સ્ટેન્ડથી માંડીને રેલવે સ્ટેશન સુધીનાં દરેક સ્થળ પર પોલિસનો જાપ્તો હતો. રાજગુરુએ એક યોજના બનાવી અને દુર્ગાવતી વોહરાનો સંપર્ક સાધ્યો. તેઓ હિન્દુસ્તાન સોશિયાલિસ્ટ રિપબ્લિકન એસોસિએશન (H S R A) નામના ક્રાંતિકારી સંગઠનના નેતા ભગવતી ચરણ વોહરાનાં પત્ની હતાં. સંગઠનના તમામ સભ્યો તેમને ભાભી કહીને બોલાવતા હતા. યોજના પ્રમાણે, 20 ડિસેમ્બર, 1928ની સવારે ભગત સિંહે દાઢી-મુંછ મુંડાવી, સુટ અને હેટ પહેરીને વેશ બદલી નાખ્યો. સાથે એક મહિલા, બાળક અને નોકરને લઈને બહાર નીકળ્યા. તેમની સાથે જે મહિલા હતાં તે દુર્ગા ભાભી. નોકરના વેશમાં રાજગુરુ હતા. બ્રિટિશ પોલિસ તો પાઘડીધારી શીખની શોધમાં હતી. દાઢી મુંછ વગરના યુવાનને પત્ની અને બાળક સાથે જોઈને તેમને શંકા પણ ન ગઈ.

7 ઓક્ટોબર, 1907નાં રોજ માત્ર 10 વર્ષની ઉંમરે દુર્ગાવતીનાં લગ્ન થયાં હતાં. તેઓ નિશાનેબાજીમાં નિષ્ણાંત હતા અને બોમ્બ બનાવવાનું પણ જાણતાં હતાં. પુત્ર સચીન્દ્રનો જન્મ થયો તે સમયે તેઓ ક્રાંતિકારી પ્રવૃત્તિથી દૂર થઈ ગયા હતા, પણ ભગત સિંઘને મદદ કરવાની વિનંતીને તરત જ સ્વીકારી લીધી. પછીથી, ભગત સિંઘ, રાજગુરૂ અને સુખદેવ સામે અદાલતમાં ખટલો ચાલ્યો ત્યારે તેમણે તેમનો કેસ લડવા પોતાનાં તમામ દાગીના વેચી દીધાં. 1930માં બોમ્બ બનાવતી વખતે તેમના પતિનું અવસાન થયું. દુર્ગા ભાભીએ શિક્ષક તરીકે કામ ચાલુ રાખ્યું. સ્વતંત્રતા પછી તેઓ ગાઝિયાબાદ આવી ગયા. 15 ઓક્ટોબર, 1999નાં રોજ તેમનું અવસાન થયું.

# કેબિનેટના નિર્ણયો

# NFSAના લાભાર્થીઓને વધારાના અનાજની ફાળવણી અને આઇડીબીઆઇ બેન્કનું ડિસઇન્વેસ્ટમેન્ટ

**કેબિનેટે તાજેતરની બેઠકમાં કેટલાંક મહત્વનાં નિર્ણયો લીધા હતા. જેમ કે, નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ (NFSA) હેઠળ લાભાર્થીઓને મફત રેશનમાં વધારો અને ચાલુ નાણાંકીય વર્ષમાં રૂ. 1.75 લાખ કરોડનાં ડિસઇન્વેસ્ટમેન્ટના લક્ષ્યને ધ્યાનમાં રાખીને આઇડીબીઆઇ બેન્ક લિમિટેડના વ્યૂહાત્મક ડિસઇન્વેસ્ટમેન્ટને મંજૂરી.**



**નિર્ણયઃ** પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના (PMGKAY)ના ત્રીજા તબક્કા હેઠળ નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ (NFSA)ના લાભાર્થીઓને વધારાના અનાજની ફાળવણીનો સમયગાળો લંબાવીને મે અને જૂન કરવામાં આવ્યો

**અસરઃ** ગયા મહિને કેન્દ્ર સરકારે PMGKAYના ત્રીજા તબક્કા હેઠળ મે અને જૂન મહિનામાં લાભાર્થીઓને મફતમાં અનાજ પુરું પાડવાની કરેલી જાહેરાતને પગલે કેબિનેટે તેને મંજૂરી આપી હતી. તેમાં અંત્યોદય અન્ન યોજના (AAY), પ્રાયોરિટી હાઉસહોલ્ડ (PHH) અને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (D B T) હેઠળના તમામ લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યા છે. તેમાં નીચે પ્રમાણેનાં લાભ આપવામાં આવશેઃ

- મે અને જૂન મહિનામાં પ્રતિ માસ પ્રતિ વ્યક્તિ પાંચ કિલો મફત અનાજ. તેમાં 79.88 કરોડ લાભાર્થીઓને આવરી લેવાય તેવી સંભાવના છે.
- આશરે 80 લાખ મેટ્રિક ટન અનાજ વિતરત થશે
- આ માટે અંદાજિત રૂ. 25332.92 કરોડની સબસિડી આપવામાં આવશે, જે સરકાર ભોગવશે. તેમાં ચોખા માટે પ્રતિ મેટ્રિક ટન રૂ. 36789.2 અને ઘઉં માટે પ્રતિ મેટ્રિક ટન રૂ. 25731.4નો આર્થિક ખર્ચનો સમાવેશ થાય છે.
- આ વધારાની ફાળવણીથી કોરોના મહામારીને કારણે ગરીબોને પડી રહેલી આર્થિક મુશ્કેલીમાં રાહત મળશે. અનાજ નહિં મળવાને કારણે આગામી બે મહિના સુધી કોઇ ગરીબ પરિવારને સહન નહીં કરવું પડે.

**નિર્ણયઃ** કેબિનેટે આઇડીબીઆઇ બેન્ક લિમિટેડમાં વ્યૂહાત્મક ડિસઇન્વેસ્ટમેન્ટ અને મેનેજમેન્ટ કન્ટ્રોલના ટ્રાન્સફરને મંજૂરી આપી

**અસરઃ** આર્થિક બાબતો અંગેની કેબિનેટ સમિતિએ આઇડીબીઆઇ બેન્ક લિમિટેડમાં મેનેજમેન્ટ કન્ટ્રોલના ટ્રાન્સફરની સાથે આઇડીબીઆઇ બેન્ક લિમિટેડમાં વ્યૂહાત્મક ડિસઇન્વેસ્ટમેન્ટને સૈધ્ધાંતિક મંજૂરી આપી છે.

- ભારત સરકાર અને એલઆઇસી પાસેના કેટલાં હિસ્સાનું ડિસઇન્વેસ્ટમેન્ટ થશે તેનું પ્રમાણ ટ્રાન્ઝેક્શનના માળખાનો નિર્ણય લેતી વખતે આરબીઆઇ સાથે સલાહ મસલત કરીને લેવાશે.
- આઇડીબીઆઇ બેન્કની ઇક્વિટીમાં ભારત સરકાર અને એલઆઇસી સાથે મળીને 94 ટકાથી વધુ (ભારત સરકાર 45.48 ટકા અને એલઆઇસી 49.24 ટકા) હિસ્સો ધરાવે છે. હાલમાં એલઆઇસી મેનેજમેન્ટ કન્ટ્રોલ સાથે આઇડીબીઆઇ બેન્કની પ્રમોટર છે અને ભારત સરકાર કો-પ્રમોટર છે.
- એવી આશા છે કે આઇડીબીઆઇ બેન્ક લિમિટેડની વેપાર સંભાવના વિકસાવવા અને વૃધ્ધિ કરવા વ્યૂહાત્મક ખરીદદારો ભંડોળ રોકશે, નવી ટેકનોલોજી લાવશે અને શ્રેષ્ઠ સંચાલન પ્રક્રિયાઓ અપનાવશે અને એલઆઇસી, સરકાર અને ફન્ડ પર કોઇ આધાર રાખ્યા વિના વધુ બિઝનેસ ઊભો કરશે.
- આ ટ્રાન્ઝેક્શન દ્વારા સરકારની માલિકીની ઇક્વિટીના સ્ટ્રેટેજીક ડિસઇન્વેસ્ટમેન્ટ દ્વારા મળનારા ભંડોળનો ઉપયોગ સરકારના વિકાસલક્ષી કાર્યક્રમો માટે કરવામાં આવશે, જેનો લાભ નાગરિકોને થશે. ●





# શ્વાસ પૂરો પાડવા કૃતસંકલ્પ

**કોરોના મહામારીમાં આપણને ઓક્સિજનની મહત્તા સમજાઈ છે. લોકો શ્વાસ માટે તરફડી રહ્યા છે. આ મુશ્કેલ સમયમાં, કાળાબજાર કરનારાઓ છે, તો બીજી બાજુ સેવાભાવી લોકો પણ છે, જેઓ દર્દીઓની નિઃસ્વાર્થ સેવા કરી રહ્યા છે. શાહનવાઝ, ગૌરવ, દત્તાત્રય સાવંત, એનસીસી કેડેટ દિવ્યાંશી અને બીજા અનેક કોલેજ વિદ્યાર્થીઓ કોરોના દર્દીઓને ઓક્સિજન પુરો પાડી રહ્યા છે અને બીજાઓ માટે દ્રષ્ટાંત પુરું પાડી રહ્યા છે...**

## મુંબઇનો 'ઓક્સિજન મેન' શાહનવાઝ શેખ



મુંબઇના મલાડમાં રહેતો શાહનવાઝ શેખ મહામારીની બીજી લહેર દરમિયાન લોકોનાં જીવન બચાવીને દેવતા બની ગયો છે. શેખે તેની રૂ. 22 લાખની એસયુવી કાર વેચી દીધી, જેથી તે હોસ્પિટલોમાં જરૂરિયાતમંદ દર્દીઓને ઓક્સિજન પૂરો પાડીને લોકોનો જીવ બચાવી શકે. કાર વેચીને મળેલા પૈસામાંથી તેણે જરૂરિયાતમંદ દર્દીઓ માટે અત્યાર સુધી 160 ઓક્સિજન સિલિન્ડર ખરીદ્યા છે અને આશરે 4,000 લોકોને મદદ કરી છે. આયોજનબધ્ધ રીતે મદદ કરી શકાય તે માટે તેણે કન્ટ્રોલ રૂમ પણ સ્થાપ્યો છે. આ કન્ટ્રોલ રૂમ ચોવીસ કલાક ખુલ્લો રહે છે જેનું સંચાલન એક ટીમ કરે છે, જે ફોન પર લોકો સાથે વાત કરે છે અને તેમને તાત્કાલિક મદદ કરે છે. શેખના કન્ટ્રોલ રૂમને રોજના આશરે 600 ફોન આવે છે.

## ગૌરવ રાયઃ કોવિડ દર્દીઓ માટે ભગવાન



પટણાના ગૌરવ રાયે કોરોના મહામારી દરમિયાન 900થી વધુ લોકોનાં જીવ બચાવીને માનવતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ દર્શાવ્યું છે. શ્વાસ લેવામાં મુશ્કેલી અનુભવતા કોવિડ દર્દીઓ માટે ઓક્સિજનની વ્યવસ્થા કરવી અઘરું કામ છે. આ સ્થિતિમાં, જીવનમરણ વચ્ચે ઝોલાં ખાઈ રહેલા દર્દીઓ માટે ઓક્સિજન પુરો પાડીને ગૌરવે તેમને નવજીવન આપ્યું છે. ગયા વર્ષે ગૌરવને પણ કોરોના થતાં ખૂબ મુશ્કેલી પડી હતી. કોરોના દર્દીને પડતી મુશ્કેલી તે સમજતો હોવાથી પોતાની નાની કારમાં ઓક્સિજન સિલિન્ડર પૂરાં પાડે છે. રાય સવારે પાંચ વાગ્યાથી મોડી રાત સુધી સેવાના આ કાર્યમાં સતત વ્યસ્ત રહે છે. તે હોમ ક્વોરન્ટાઇનમાં રહેલા દર્દીઓને ઓક્સિજન પૂરો પાડે છે. કેટલાંક લોકો તેની પાસે જઇને ઓક્સિજન સિલિન્ડર લે છે. તે આ કામ નિઃસ્વાર્થ ભાવે કરે છે અને અત્યાર સુધી કોઇની પાસેથી એક રૂપિયો પણ લીધો નથી. ●

# જ્યોર્જ ફર્નાન્ડીઝ કામદારોના મસીહા

**જ્યોર્જ ફર્નાન્ડીઝની કહાની એ 16 વર્ષના છોકરાથી શરૂ થાય છે જે પાદરી બનવા માટે ચર્ચમાં દીક્ષા લેવા ગયો પણ બહુ જલ્દી મોહભંગ થઈ ગયો અને આજીવિકા માટે છુટક કામ કરવા માંડ્યો. દહાડિયા તરીકે કામ શરૂ કર્યું અને ટૂંક સમયમાં આક્રમક ટ્રેડ યુનિયન લીડર બની ગયા. કટોકટી સામેની ચળવળમાં ટોચના નેતા તરીકે ઊભરી આવેલા જ્યોર્જ પછીથી નવ વાર સાંસદ અને ત્રણ વાર કેન્દ્રીય મંત્રી બન્યા. પોતાના સુધી પહોંચવા માટે લોકોને તકલીફ ન પડે તે માટે મંત્રી તરીકે તેમણે પોતાના બંગલોનો એક દરવાજો તોડાવી નાખ્યો હતો.**



તીસ હઝારી કોર્ટમાં હાજર થતી વખતે લેવાયેલી જ્યોર્જ ફર્નાન્ડીઝની આ તસવીરને આજે પણ કટોકટી સામેના વિરોધના પ્રતીક તરીકે યાદ કરવામાં આવે છે. તેમની આ તસવીરે મતદારોના માનસમાં એવી છાપ છોડી કે 1977ની સામાન્ય ચૂંટણી દરમિયાન તેઓ જેલમાં હોવા છતાં મુઝફ્ફરપુર (બિહાર)ની બેઠક પરથી ત્રણ લાખ મતોના અંતરથી જીત્યા.

**જન્મ: 3 જૂન, 1930 મૃત્યુ: 29 જાન્યુઆરી, 2019**

કર્ણાટકના મેંગલોરમાં ખ્રિસ્તી પરિવારમાં 3 જૂન, 1930નાં રોજ જ્યોર્જ ફર્નાન્ડીઝનો જન્મ થયો હતો. પરિવારના સભ્યો તેમને જેરીના હૂલામણા નામે બોલાવતા હતા. બ્રિટિશ રાજા જ્યોર્જ પાંચમાંના નામ પરથી તેમની માતાએ તેમનું નામ જ્યોર્જ રાખ્યું. પ્રાથમિક શિક્ષણ પુરું કર્યા બાદ તેમને પરિવારની વર્ષો જૂની પરંપરા પ્રમાણે 16 વર્ષની વયે પાદરીની દીક્ષા લેવા બેંગલુરુ મોકલવામાં આવ્યા. તેઓ ચર્ચમાંથી ભાગી ગયા અને મુંબઇ આવી ગયા. બે ટંકનાં ભોજન માટે છુટક મજૂરી કરી. બાંકડા પર સૂતા.

ટ્રેડ યુનિયન આંદોલનથી પ્રેરાઇને તેમણે ટ્રેડ યુનિયન્સની બેઠકોમાં ભાગ લેવાનું શરૂ કર્યું. 1950 સુધીમાં તેઓ ટેક્સી ટ્રેડ યુનિયનમાં ખૂબ લોકપ્રિય બન્યા.

ફર્નાન્ડીઝની જીવનશૈલી પહેલેથી જ સાધારણ હતી. વિખરાયેલા વાળ, પાતળો ચહેરો, ખાદીનો ચોળાયેલો ઝભ્ભો-લેંઘો, ઘસાયેલા ચપ્પલ અને ચશમામાં તેઓ એક્ટિવિસ્ટ લાગતા હતા. મુંબઇના ગરીબોના મસીહા બની ગયેલા જ્યોર્જની મુલાકાત રામ મનોહર લોહિયા સાથે થઈ અને તેઓ તેમના પક્ષ સંયુક્ત સોશિયલિસ્ટ પાર્ટીની ટિકિટ પરથી મુંબઇ (સાઉથ) બેઠક પર કોંગ્રેસના દિગ્ગજ નેતા એસ કે પાટીલ સામે લોકસભાની ચૂંટણીમાં ઉતર્યા. તેઓ જીત્યા અને તેમને 'જાયન્ટ કિલર'નું બિરુદ મળ્યું કારણ કે હાર્યા પછી એસ કે પાટીલે રાજકારણ જ છોડી દીધું. 1973માં જ્યોર્જ ઓલ ઇન્ડિયા રેલવે મેન્સ ફેડરેશનના પ્રમુખ તરીકે ચૂંટાયા. એ વખતે રેલવેઝમાં 14 લાખ લોકો કામ કરતા હતા, જેમને ઓછો પગાર મળતો હતો. રેલવે કર્મચારીઓ પગાર વધારાની માગણી સાથે 1974માં રાષ્ટ્રવ્યાપી હડતાળ પાડી. હડતાલથી રેલવે સેવા ખોરવાઇ ગઇ હોય એવું દેશમાં પ્રથમ વાર બન્યું. 30,000થી વધુ કામદારોને જેલમાં પૂરી દેવાયા.

તત્કાલીન વડાપ્રધાન ઇન્દિરા ગાંધીએ દેશમાં કટોકટ લાદી, ત્યારે ફર્નાન્ડીઝ મજૂર અને શીખના વેશમાં 22 મહિના સુધી ભાગતા રહ્યા. ઇન્દિરા ગાંધીએ રેલવે હડતાળને કટોકટી લાદવાનું કારણ ગણાવ્યું હતું. વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી એ વખતે કટોકટીનો વિરોધ કરવા રચવામાં આવેલી લોક સંઘર્ષ સમિતિના જનરલ સેક્રેટરી હતા અને ફર્નાન્ડીઝ છુપા વેશમાં ભાગતા ફરતા હતા ત્યારે તેમની સલામતીની જવાબદારી તેમને સોંપવામાં આવી હતી. કટોકટી બાદ રચાયેલી મોરારજી દેસાઇની સરકારમાં જ્યોર્જ ઉદ્યોગ મંત્રી બન્યા. ફોરેન એક્સચેન્જ રેગ્યુલેશન એક્ટ (FERA)ની જોગવાઇનું ઉલ્લંઘન કરવા બદલ તેમણે કૉકાકોલા અને આઇબીએમને દેશ છોડીને ચાલ્યા જવાનો આદેશ આપ્યો હતો.

1989થી 1990 દરમિયાન રેલવે મંત્રી તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન કોંકણ રેલવે પ્રોજેક્ટમાં તેમની ભૂમિકા મહત્વની હતી. 1995માં આ સમાજવાદી નેતા અટલબિહારી વાજપેયીની નજીક આવ્યા. અટલજીના નેતૃત્વમાં 1998માં પરમાણુ પરિક્ષણમાં તેમની મહત્વની ભૂમિકા હતી. તેમનાં જ કાર્યકાળમાં 1999માં ભારતે કારગીલ યુધ્ધમાં વિજય મેળવ્યો હતો. સંરક્ષણ મંત્રી તરીકે તેમણે 18 વાર સિયાચીનની મુલાકાત લીધી હતી. 2003માં ભારતીય હવાઇ દળના મિગ-21 વિમાનો તૂટી પડવાના બનાવ અવારનવાર બનતા હતા. વિરોધ પક્ષોએ સરકાર પર પ્રહારો કર્યા. તેમણે મિગ-21ને 'ફ્લાઇંગ કોફીન'નું નામ આપતાં ફર્નાન્ડીઝ પોતે અંબાલા એરબેઝથી 25 મિનિટ માટે મિગ વિમાનમાં ઉડ્યા હતા. 2004માં તેમને અલ્ઝાઇમરનો રોગ હોવાનું નિદાન થયું. 2009માં ફર્નાન્ડીઝ છેલ્લી વાર રાજ્યસભામાં ચૂંટાયા. જો કે, બિમારીને કારણે તેમને જાહેર જીવન છોડવાની ફરજ પડી. 29 જાન્યુઆરી, 2019નાં રોજ તેમનું અવસાન થયું. ●



**PMO India** @PMOIndia ·

100 साल बाद आई इतनी भीषण महामारी कदम-कदम पर दुनिया की परीक्षा ले रही है। हमारे सामने एक अदृश्य दुश्मन है। हम अपने बहुत से करीबियों को खो चुके हैं।

बीते कुछ समय से जो कष्ट देशवासियो ने सहा है,अनेको लोग जिस दर्द से गुजरे है, तकलीफ से गुजरे है वो मैं भी उतना ही महसूस कर रहा हूं: PM



**Rajnath Singh** @rajnathsingh ·

उ. प्र. सरकार और @DRDO_India ने मिलकर लखनऊ में बहुत कम समय में 'अटल बिहारी वाजपेयी कोविड हॉस्पिटल' तैयार किया है। सेना के चिकित्सकों की देखरेख में चल रहे इस हॉस्पिटल में कोविड के मरीज़ों का उपचार पिछले सप्ताह से ही चल रहा है। आज वहाँ जाकर मौजूदा स्थिति की जानकारी प्राप्त की।



**Amit Shah** @AmitShah ·

मोदी सरकार ने नागरिकों के जीवन की सुरक्षा के लिए बहुआयामी दृष्टिकोण अपनाया और राज्यों को हर सम्भव मदद दी। जब केंद्र कोविड को नियंत्रित करने के ठोस प्रयास कर रहा था, तब विपक्षी नेता राजनीति जारी रखे हुए थे।

श्री @PrakashJavdekar जी का लेख जरूर पढ़ें।

दूसरी लहर : असली तस्वीर और गलत धारणाएं...प्रकाश जावड़ेकर का नजरिया

https://www.amarujala.com/columns/opinion/corona-second-wave-real-picture-and-misconceptions-prakash-javadekar-s-view



**Nitin Gadkari** @nitin_g...

Govt. of India has announced setting up of additional Pressure Swing Adsorption (PSA) medical oxygen plants in various states. Around 581 such sites has been identified.

NHAI under Ministry of Road Transport & Highways will be the nodal agency for executing civil and electrical work for these plants and will complete them on war footing.



**Sadananda Gowda** @...

Availability of other essentials drugs is also being closely monitored. DCGI is undertaking a survey in the market regarding their availability. At present, there is adequate availability of medicines in the market.



**Dr. S. Jaishankar** @DrSJaish...

Foreign friendships matter. Every life counts; and every gesture makes a difference.

19 hospitals across India see that through their new oxygen generating plants.

A global challenge meets a global response.

# 43 countries assure aid to help battle the pandemic in India

Saubhadra Chatterji
letters@hindustantimes.com

**NEW DELHI:** More foreign aid to help India combat the raging second wave of the Covid-19 is in the pipeline, with 43 countries having committed to help the country , government officials said.

New Delhi has already received 87 consignments from 28 countries including the US, UK, Singapore, Netherlands, UAE, Bahrain and Qatar in the last 15 days since April 27. Government officials said that 64 of these have come through the government-to-government channel while the remaining 23 have arrived from private agencies or individuals.

The government has set up three dedicated channels for Covid-related aid: for countries; private donors; and those who

NEW DELHI HAS ALREADY RECEIVED 87 CONSIGNMENTS FROM 28 NATIONS

many cities. These concentrators have been distributed to 11 AIIMSs across India, nine states and union territories and other institutions such as DRDO and the Army Base hospital in Delhi.

India also received 19 oxygen generating plants from countries such as the UK, Israel, the US, Germany, Italy and Ireland. These plants have (or are being) been installed at both public institutions such as ESIC hospitals in Faridabad and Okhla, and also private hospitals including Apollo hospital and BL Kapur hospital in Delhi. States such as Rajasthan, UP and Assam too,

PROCURING SUFFICIENT DOSES

# Later rather than sooner: Govt unveils roadmap for supply of Covid vaccines

In touch with Pfizer, Moderna and J&J, but they will talk in third quarter; will still have over 2 bn shots by Dec: Govt

KAUNAIN SHERIFF M
NEW DELHI, MAY 13

AMID A crippling shortage of vaccines across the country, the Centre has for the first time said that it has been in talks with three global manufacturers — Pfizer, Moderna, and Johnson & Johnson — to supply to India.

However, the government said on Thursday, the three pharma giants have communicated that they would be able to open discussions only in "Q3, 2021".

Even so, over 2 billion doses of Covid-19 vaccines could become available for India between August and December this year, according to estimates given by vaccine manufacturers, the government said.

"We have contacted

CONTINUED ON PAGE 2



SHOTS ON WAY, ON PAPER

AUGUST-DECEMBER (in crore doses)

| VACCINES | DOSES | STATUS |
|---|---|---|
| Covishield | 75 | 11 cr doses in May-July |

# Modi to release ₹19K crore under kisan scheme

NEW DELHI, MAY 13

Prime Minister Narendra Modi will release the 8th instalment of financial benefit under the Pradhan Mantri Kisan Samman Nidhi (PM-KISAN) scheme on May 14 at 11 am via video-conferencing.

This will enable the transfer of more than Rs 19,000 crore to more than 9.5 crore farmer families. Under the scheme, a financial benefit of Rs 6,000 per year is provided to eligible beneficiary farmer families. — TNS

# PM stresses localised containment, testing

Include door-to-door testing, report data accurately, help rural India with O2: Modi

HT Correspondent

**NEW DELHI:** Prime Minister Narendra Modi on Saturday chaired a high-level meeting to review the Covid-19 situation in the country, directing government officials to make a distribution plan for oxygen supply to rural areas and scale up health infrastructure to manage the disease burden in those regions.

The Prime Minister asked officials to focus on testing, including door-to-door testing and assist health care workers in rural areas, the Prime Minister's Office said in a statement.



# PM Modi to interact with DMs of 100 high Covid caseload districts

**NEW DELHI:** Prime Minister Narendra Modi will interact with district magistrates of 100 districts with high caseloads of COVID-19 infections in two meetings on May 18 and 20, government sources said on Thursday.

While DMs of 46 districts from nine states will be part of the first meeting, those from




RNI No. :
DELGUJ/2020/78810
June: 1-15, 2021

NEW INDIA
SAMACHAR
FORTNIGHTLY

RNI Registered No DELGUJ/2020/78810, Delhi Postal License No DL(S)-1/3554/2020-22, WPP NO U (S)-102/2020-22, posting at BPC, Meghdoot Bhawan, New Delhi - 110 001 on 26-30 advance Fortnightly (Publishing Date May 17, 2021, Pages - 40)

#Unite2FightCorona

# World's largest vaccination drive in India






## Jeetenge Corona se Ladai Bhi...



Safai Bhi



Dawai Bhi



Kadai Bhi

For more information visit- www.mohfw.gov.in

Gujarati

For Corona vaccination register on www.cowin.gov.in or Aarogya Setu app

Editor
Jaideep Bhatnagar,
Principal Director General,
Press Information Bureau, New Delhi

Published & Printed by: Satyendra Prakash, Principal Director General, BOC on behalf of Bureau of Outreach and Communication

Published from Bureau of Outreach and Communication, 2nd Floor, Soochna Bhawan, New Delhi -110003

Printed at Viba Press Pvt Ltd.,C 66/3, Okhla Ind Area,Phase-II, New Delhi 20